सन्ध्य भाष.

सो. ह. दवे.

सहायता गोर.

॥ श्री कोटयार्कीय नमः ॥

श्री सन्ध्या भाष्यम्.

संस्कृत—गुजराति भाषान्तर सहित.

प्रयोजक,—

सोमनाथ हरगोविंद दवे.
अमदावाद.

छपावी प्रसिद्ध कर्ता,

रा. रा. बापालाल छगनलाल.
अमदावाद.

प्रथमावृत्ति. प्रत १०००.

विक्रमाब्द १९७१. सने १९१५.

अमदावाद,—श्री 'सत्यविजय' प्री. प्रेसमां
सांकलचंद हरीलाल शाहे छाप्युं.

किंमत—सदुपयोग.

"પ્રારંભ નિવેદન"

गुरु स्तुति.

वंदे तं परमानंदं, आचार्य पुरुषोत्तमं ।
शंकरं शंकराचार्य, माधव तीर्थ नमाम्यहम् ॥
वेदधर्म प्रचाराय, अधर्मपादच्छिदे विदे ।
सर्व विद्या प्रदानाय, नमस्तुभ्यं शिवात्मने ॥
यस्याङ्घ्रब्ज विभावनं, श्रुतिसमं बोधप्रदं पावनं ।
नायासेन विबोधयत्यसुभृतस्तनमूलमाद्यं परम् ।।
यत्सेवीन बिभेति याम्य चरतःसिंहः शृगालाद्यथा ।
तं वंदे मुनिवन्दितं स माधव—तीर्थाभ्रमंशंकरम् ॥

गायत्र्या स्तुति.

नमामि तेषां ~~पदपाद द्वंद्वं,~~ भजामि कोऽत्र्यारक देवमीशं ।
स्मरामि शाश्वत पदं वरेण्यं भर्गादि भानासवितुश्चनित्यं ।।
ध्यायामि ते तत् पदबिंदुनादं, संहार हे मातःपदानि मोहं ।
धीमन्धियो नःपदपादलभ्यं, भाषानुवादे स्तवराज कृत्यं ॥
देवस्य यो व्याहृतयःसमेतं, प्रचोदयेत्यानि पदानियुक्तं ।
करोतु शं शोभनमस्तु नित्यं, नृपप्रजाभ्यः कृपयादिष्टं ।।
साम्राज्य बीजं प्रणवं श्रीपादं, तारत्रयंतूर्यपदसावदोम ।
रसोऽमृतं ज्योतिः शीर्ष वदन्ति, आपोद्धवा सर्वनाथेन सोम ॥

सोम संभवा यादेवी, मधुजिह्वा मधुप्रिया ।
नादबिंदु कलातीता, थत्कार थान्तादेहिनी ।।
खट्वांग धारिणीख्याता, डामरी तंत्र वादिनी ।
यकारादि क्षकारान्ताः यजुर्वेदयवपाकिनी ॥

विष्णुपत्नि विशालाक्षि, प्रद्युम्नस्य प्रसूतिनी ।
वनिताव्योम मध्यस्था, रेवति रेणुकाः रातिः ॥
नवनीत प्रियानारी, नतस्तु शंकरार्धनी ।
करोतु सा नःसौभाग्यं, यादेवी परमागतिः ॥

इति शिवम्

આ લઘુ ગ્રંથનું નામ સંધ્યા ભાષ્ય રાખવામાં આવ્યું છે જો કે ગુજરાતમાં સંધ્યા નામક પુસ્તકો ઘણાં બહાર પડયાં છે પરંતુ દરેકની પદ્ધતિ ઓછા વત્તા પ્રમાણમાં જુદી જુદી હોય છે. આ પુસ્તકમાં વિશેષતા એટલીજ છે કે દરેક મંત્રના રૂષિ, છંદ, દેવતા, વિનિયોગ તથા તેમાં આવતા અગત્યના મંત્રો કે જે હાલમાં દ્વિજો ઉપયોગ કરતા જણાતા નથી તે સર્વેને મૂળમાંજ મૂકી તેનો ક્રમ અને હેતુ સાથે ફલ જણાવી સર્વેનો શબ્દાર્થ અને સંસ્કૃત ભાષ્ય મૂકવામાં આવ્યું છે તેથી સ્પષ્ટ થાય છે કે કલ્યાણને ઇચ્છતા એવા દ્વિજો આ પુસ્તકરૂપ સોપાન દ્વારા ઇપ્સિત ગતિને પામો. આ પુસ્તકરૂપ સોપાન ઉભું થવારૂપ માર્ગ બતાવનાર અમારા મિત્રમંડળના અગ્રેસરો શ્રીમાન્ ગોંડળના માજીરેવન્યુ કમીશનર સાહેબ વિશ્વનાથ દુર્લભરામ તથા જામનગર સ્ટેટના માજીસ્ટ્રેટ રા. નાગરદાસ મથુરાં દાસને આભારી છે. કેમકે તેઓશ્રીને એક ઘણા જુનામાં જુનું હીંદી ભાષામાં લખાયેલું પુસ્તક મલી આવ્યું હતું. તદર્થે તેમણે જણાવ્યું કે ગુજરાતીમાં તેનું ભાષાન્તર કરી બ્રાહ્મણોને વિના મૂલ્યે મલે તેવી યોજના કરી શકાય તો થોડી પણ વિદ્યા જાણનાર દ્વિજોનો તે ગ્રંથથી ધર્મમાં વિશેષ પ્રવેશ થઇ શકે. આહાહા ! કેટલું બધું દયાર્દ્ર અંતઃકરણ ! क्षेमाय यो मुनिभिरार्द्रहृदोह्यमानः સર્વત્ર વ્યાપ્ત થએલી પરમસત્તા ગહન છે. જે સત્તાએ ઉપદેશ કર્યો તેજ સત્તા ઉપદેશને આ દેશના રૂપમાં માની કાર્યારંભમાં નિમગ્ન થઇ (પરોપકાર કોઇ વસ્તુજ નથી ફક્ત બીજાનું કલ્યાણ તે પોતાનુંજ માનનારા મુનિઓનાં હૃદય કોમળજ હોય છે.)

લેખકને પુસ્તક મલ્યું, અવલોકી જોયું, મનન કર્યું, બીજાં ઘણાંખરાં વૈદિક પુસ્તકો સાથે મેળવી મુકાબલો કર્યો પણ મલેલા પુસ્તકમાં ઘણોખરો ભાગ તાંત્રિક વિષય જોવામાં આવ્યો, જે હાલના દ્વિજોને ક્રિયામાં મૂકતાં પ્રતિકૂળ જણાશે એમ ધારી તેમાંનો

તાંત્રિક ભાગ બાદ કરી ફક્ત વર્તમાન કાલિન દ્વિજોને યોગ્ય એવો વૈદિક ભાગ ગ્રહણ કરી તેના અર્થનું ખરૂં રહસ્ય સમજવા સંસ્કૃત ગુજરાતી ભાષ્ય મૂકવામાં આવ્યું છે. જે આજ પુસ્તકદ્વારા સહસ્ર રૂપ ધારણ કરી દ્વિજ વર્ગની દૃષ્ટિ સમીપ મૂર્તિમાન ઉભું રહ્યું છે તેને દ્વિજ વર્ગ યથા સુખે જુઓ.

મૂળ પ્રત સંબધેની હકીકત જણાવીશું કે—તે પુસ્તકના કર્તા ઉપેન્દ્ર નારાયણ નામના ગૃહસ્થ ઉત્તર હિંદુસ્થાનના રહેવાસી જણાય છે. તે પુસ્તક લખવામાં તેમના પુરોહિત પંડિત શ્રી પ્રેમનાથજીએ સારી મદદ આપ્યાનો ઉલ્લેખ છે તેમજ શોધન કરનાર કાશી નિવાસી પંડિત શ્રી મંગળ પ્રસાદજીને માટે પ્રશંસા કરી છે. તે પુસ્તકમાં વેદની રૂચાના મંત્રો લખી તે નીચે શબ્દાર્થ હીંદી ભાષામાં આપેલો છે. તાંત્રિક વિષયના ન્યાસ, ધ્યાન, ચક્રો, મુદ્રાઓ પણ આપેલી છે. પુરૂષસુક્ત, લક્ષ્મીસુક્ત, શિવસંકલ્પ, વિગરેનો સમાવેશ કરી પુંસ્તક સંધ્યા ભાષ્ય નામે બહાર પડેલું છે. તેજ ગ્રંથમાં તાંત્રિક વિષયને માટે શ્રી ઉપેન્દ્ર નારાયણ જણાવે છે કે—

" અનેક પ્રકારના ધ્યાનથી મિથ્યા સંદેહ ઉત્પન્ન થાય છે. તેથી લખનારની મતિથી ધ્યાન આ પ્રકારે વા બીજી રીતે કરવું ઉત્તમ છે એમ માનવું નહીં. કારણ કે તાંત્રિક ધ્યાનથી ચિત્તમાં સ્વરૂપ બંધાય છે તે બુદ્ધિમાન મિથ્યા સમજે છે, માટે કલિયુગમાં ધ્યાન યોગ્ય નથી. જપની સિદ્ધિ ઉત્તમ કહી છે. ધ્યાન તો જેના મગજમાં વિકાર હોવાનો સંદેહ છે તે વાતના પ્રમાણથી ધ્યાન મિથ્યા જ્ઞાનમાં જાય છે. આ સંધ્યાના મંત્રોથી ખુલ્લું જણાય છે કે કોઇ મંત્રમાં કોઇ ધ્યાન કોઇ પણ પ્રકારે " શ્રી " મૂર્તિનું નથી અને ગાયત્રીમાં શ્રેષ્ટ ધ્યાન " તેજ " નું સ્મરણ છે અને જપ મોક્ષનું કારણ છે. "

ઉપર પ્રમાણે તેમના મતાનુસાર તાંત્રિક વિષય બાદ કરવામાં આવ્યો છે. અને વૈદિક સંધ્યાના જેટલાં પુસ્તકો હસ્તગત થયાં તેટલાં પુસ્તકો સાથે મુકાબળ કરી સર્વથી થઈ શકે તેવી રીતે સંક્ષેપમાં છતાં અતિ લાભ આપનાર મંત્રોનો ક્રમ રાખવામાં આવ્યો છે. તેની અંદર શુદ્દર્શન બોધિની, બ્રહ્મ પ્રકાશિકા, અને તૈત્તિરીય આરણ્યકના અભિપ્રાયો મુજબ લખવા ધ્યાન આપ્યું છે. અને મનુસ્મૃતિના પ્રમાણો ટાંગી જણાવ્યા છે. શ્રીમાન્ સાયણાચાર્યે

કૃત ભાષ્ય અને મહોપાધ્યાય શ્રીગુણ કૃતભાષ્ય મુજબ સંસ્કૃત ટીકા લખવામાં આવી છે. અને જેનું પ્રમાણુ વેદ ભાષ્યમાં મલ્યું નથી તેમજ જે મંત્રો તાંત્રિક છે છતાં સંધ્યામાં જરૂર જણાયાથી તેની ગુજરાતીમાં વ્યાખ્યા લખવામાં આવી છે.

આ સંધ્યાકર્મ દ્વિજોનું મુખ્ય કર્તવ્ય સમજી જ્યાં સુધી લેખકની મતિ પોહોચી તેવડે સુલભ શબ્દાર્થ જણાવ્યો છે. કેમકે અર્થ જાણુવાથી વિશેષ લાભ થાય છે.

આ ગ્રંથ કાંઇ નવીન કૃતિ નથી છતાં તૈયાર કરવામાં અશુદ્ધતા અગર ભૂલ થવાનો સંભવ છે તેથી સુજ્ઞધારકો પ્રત્યે પ્રાર્થના છે કે જે કાંઇ દોષ માલમ પડે તેને શુદ્ધ કરી ધારણુ કરશે.

આ પુસ્તક લખી રહ્યા પછી તુરત શ્રી સ્વામિનારાયણુ મહારાજની સ્વારી ધંધુકા ગામમાં થતાં તેમના પરમભક્ત શિષ્ય શ્રીયુત બાપાલાલ છગનલાલ (વિશામોઢ વણિક) ની મુલાકાત થઇ અને ઉપરોક્ત પુસ્તક સંબંધે વાતચિત્ત થતાં ઉદાર વૃત્તિથી દ્વિજોને વિના મૂલ્યે આપવા તેઓએ મજકુર ભાષ્ય છપાવી આપવા કબુલ કર્યું જે આજ છપાઇ બહાર પડવાથી ઉપર્યુક્ત ઉદારવૃત્તશાળી નરનો સર્વ દ્વિજો તરફથી અંતઃકરણુ પૂર્વક આભાર માનવામાં આવે છે. તેમજ દ્વિજોના કલ્યાણાર્થે આ પુસ્તકની પ્રવૃત્તિ કરાવનાર મહાશયો પોતાનો હેતુ પાર પડેલો જોઇ જે આનંદને પામે છે તેની વિશેષતામાં શ્રીયુત બાપાલાલભાઇને આ પુસ્તક અર્પણુ કરવું ઉચિત ધારી લેખક પોતાની કર્તવ્યતા દ્વિજો તરફ સફળ થયેલી જુએ છે.

મુકામ ધંધુકા.
સંવત ૧૯૭૧ ના માહા
વદ ૧૪ વાર શુકર }

સોમનાથ હરગોવનરામ.
ખડાયતા ગોર.

॥ गायत्रीन्यास चक्रम् ॥

अंग.	गायत्री अक्षर.	संख्या.	तत्वानि.	स्थुलाकार.	
शिरसि	ॐ	१	आत्मा	जीवात्मा	१
पादयोः	तत्	२	पृथ्वी		
अंगुष्ठः	स	३	आपः		
गुल्फयोः	वि	४	तेजः	पंचमहाभूत	५
जान्वोः	तुः	५	वायु		
जंघयोः	व	६	आकाशः		
उर्वोः	रे	७	गंधः		
गुह्ये.	णि	८	रसः		
लिंगे.	यं	९	रुपः	पंच विषय	५
पृष्ठे	भ	१०	स्पर्श		
स्कंधयोः	र्गो	११	शब्द		
नाभ्याम्	दे	१२	वाक्		
कुक्षौः	व	१३	पाणि		
स्तनयोः	स्य	१४	पाद	पंच कर्मेन्द्रिय	५
कंठे.	धी	१५	पायु		
मुखे.	म	१६	उपस्थ		
तालुनि.	हि	१७	त्वक्		
नासिकाग्रे	धि	१८	चक्षु		
नेत्रयोः	यो	१९	श्रोत्र	पंच ज्ञानेन्द्रिय	५
भ्रूवोः.	यो	२०	जिव्हा		
ललाटे.	नः	२१	घ्राण		
पूर्वे मुखे	प्र	२२	मन		
दक्षिण मुखे	चो	२२	बुद्धि		
पश्चिम मुखे	द	२४	अहंकार	चतुष्टय - अंत:करण	
उत्तर मुखे	यात्	२५	चित्त		

ઉપર બતાવેલા અંગ ઉપર આંગળી અડકાડી ગાયત્રી અક્ષર પ્રમાણે ન્યાસ કરવા. દરેક પ્રાણીના અંગમાં રહેલાં પચીસ તત્વો ઉપરનાં કોષ્ટકથી જાણવાં.

श्री कोटयार्क प्रसन्नोऽस्तु.

श्री सन्ध्या भाष्यम्.

ध्येयं सदा परिभवघ्नमभीष्टदोहं
तीर्थास्पदं शिव विरञ्चि नुतं शरण्यम्
भृत्यार्तिहं प्रणतपाल भवाब्धिपोतं
वन्दे महापुरुष ते चरणारविन्दम्

“ નિત્ય કર્મ વિચાર ”

“ નિત્યકર્મ ” શબ્દ સામાન્ય રીતે સર્વના જાણવામાં છે, તથાપિ અત્રે તેનું કેટલુંક સ્પષ્ટિકરણ કરીશું. નિત્યકર્મ અર્થાત્ હમેસાં કરવાનું જે કર્તવ્ય તેને નિત્યકર્મ કહીએ, મનુષ્ય પ્રાણિના દેહ અને આત્માના સંરક્ષણને વાસ્તે જે જે કર્મો નિરંતર કરવામાં આવે છે તે, નિત્ય કર્મનોજ ભાગ સમજવો, જેમ દેહના ધર્મવડે પ્રાપ્ત થયેલા શૌચાદિ કર્મો દેહની આરોગ્યતા રાખવાને માટે હમેશાં કરવાં પડે છે તેમ આત્માના ધર્મવડે પ્રાપ્ત થયેલા આંતર શુદ્ધિ કર્મો (પ્રાણાયામાદિ) મનની સ્થિરતા અને શુદ્ધતાર્થે કરવાની ખાસ જરૂર રહેલી છે, મનુષ્ય દેહના બાહ્યોપચારાદિ વડે દેહને સ્વચ્છ કરતાં પોતાને શુદ્ધ થયેલો માને છે પણ દેહથી ભિન્ન એવા પોતાના આત્માનું દેહથી જુદાપણું નહી સ્વિકારી દેહને જ આત્મમાની રાગ દ્વેષાદિ મળોથી આચ્છાદિત કરી મગ્ન થાય છે, અને નિત્ય કર્મશબ્દ આત્માવિશે આરોપણ હોવા છતાં પણ દેહને વિશે અહંભાવ માની કૃત કૃત્યતા માને છે તેને લીધે આત્મા કે જે અવિચ્છિન્ન, નિર્લેપ. કુટસ્થ અ-વ્યક્ત અને અચિન્ત્યરૂપ છે તેને મૂઢ બુદ્ધિવાળા મનુષ્યો મમતાએ કરી દેહભાવને વિશે હું અને મારૂ એમ વૃથા બકયા કરે છે, તે આત્મા જે નિત્ય છે તે નિત્ય દેવનું કર્મ જે સ્વપ્રકાશરૂપ શુદ્ધતા

છે કે જેના પ્રકાશ થકી જ આ દૃશ્યમાન મનાદિ ઇન્દ્રિયો પ્રકાશ પામે છે વા પ્રકાશમાં આવે છે તે આત્માને મલિન મનાદિ ઈન્દ્રિયો-વડે પરિવૃત કરી વિષયતૃષ્ણાદિરૂપ ઢાંકણાંથી આચ્છાદિત કરી નાંખે છે. નિત્યકર્મ જે હમેશાં બાહ્યોપચાર અને આંતરોપચારાદિ વડે મનાદિ ઈન્દ્રિયોને નિર્મળ કરી પરંજ્યોતિ આત્માવિશે પ્રવેશ કરાવનાર છે તેને મૂઢ બુદ્ધિવાળા મનુષ્યો ફક્ત દેહના રક્ષણ ધર્મને પ્રાપ્ત એવા શૌચાદિ કર્મનો પરિહાર્ય નિત્ય કર્મને વિશે પરિણામને પમાડે છે. શૌચાદિ નિત્ય કર્મથી ઉપરના દેખાવે શરીર આરોગ્યતા વાળું જણાય છે પણ જ્યાં સુધી દેહ, ખીલેલી કમળની સહસ્ત્ર પાંખડીઓ સદૃશ આનંદિત આકારરૂપે પ્રફુલિત ન જણાય ત્યાં સુધી તે શૌચાદિ નિત્યકર્મ સાથે આંતરનિત્ય કર્મની આવશ્યકતા રહેલી છે, આંતર બહિઃ નિત્યકર્મદ્વારા મનાદિ ઇન્દ્રિયોની વિશુદ્ધતા થતાં આ પંચમહાભૂતનું બનેલું શરીર તેના ચોવીસ તત્વો સાથે અને પચીસમો જીવાત્મા એક રસરૂપ આનંદિત થઇ રહે છે. અને તેજ આનંદરૂપ જીવાત્મા પોતાના સ્વપ્રકાશરૂપ પરંજ્યોતિને, પરિ-વૃત થયેલી મઝીન ઈન્દ્રિય, વિષય તૃષ્ણારૂપ ઢાંકણને દૂર ખસેડી એક ભાવને પ્રાપ્ત થાયછે, જેમ દેહને સંભાળવા દેહાદિ ધર્મો પાળવાની જરૂર છે કેમકે જો તે ન પળાય તો દેહનું યથાર્થ રક્ષણ થઇ શકતું નથી, અને દેહના રક્ષણ વગર કોઇ પણ ધર્માદિની પ્રાપ્તિ થવી દુસ્તર છે, તેમ દેહને વિશે સ્થિત થયેલા દેહીને પણ સંભાળ-વાની જરૂર છે, કે જેના યથાર્થ રક્ષણ થકી ભારત ભૂમિમાં લીધેલા મનુષ્ય જન્મનું સાર્થકપણું થઇ જાય છે. શરીરની ચેષ્ટાદિ અને ભરણપોષણ સૃષ્ટિના દરેક પ્રાણિવર્ગ વિચાર થકી અગર વિચાર વગર પણ કરી શકે છે, પરંતુ મનુષ્ય પ્રાણિમાં વિશેષતા એટલીજ છે કે મનુષ્યમાં વિવેક વિચારશક્તિ અન્ય પ્રાણિઓ કરતાં કુદ-રતથી વધુ બક્ષિસ થયેલી છે તેનો જો મનુષ્ય યથાર્થ ઉપયોગ ન કરતાં સામાન્ય પણે ફક્ત દેહાદિની જ પુષ્ટિ અર્થે વ્યવહાર કરે છે, તો તેનો જન્મ પશુમાત્ર કરતાં ઉચ્ચતર પ્રમાણમાં કઇ રીતથી ગણી શકાય તેમ છે વારૂ ? સનાતન ધર્મ મનુષ્ય પ્રાણિને માટે સામાન્ય રીતે નિર્માણ થયેલો છે, તેમાં કાંઇ જાત, જ્ઞાત, કે ભાતનો સમા-વેશ થતો નથી. દરેક મનુષ્યે દેહના રક્ષણ અર્થે તેમજ આત્માના કલ્યાણને માટે ઇશ્વર ચિંતવન કરવું જોઇએ, એ સર્વને પ્રમાણ જન્ય સિદ્ધ છે. અર્થાત્ સર્વ મનુષ્યો દેહને શૌચાદિથી શુદ્ધ રાખે

છે અને ઇશ્વરનું નામ સ્મરણ કરે છે વાતે બંને કર્મ મનુષ્યને માથે ફરજરૂપે અદા કરવાનાં છે, તેનું નામ સનાતન ધર્મ છે, એ પ્રકારના સનાતન ધર્મના શ્રુતિ સ્મૃતિ—આદીથી નિરૂપણ થયેલા વિશેષ ધર્મ તે જાતિ જ્ઞાતિ પરત્વે સબંધ ધરાવનારા છે, જેમ જાત એટલે પ્રાણિવર્ગમાં મનુષ્યજાત, જ્ઞાત એટલે મનુષ્ય વર્ગમાં બ્રાહ્મણાદિ વર્ણ તે અને ભાત એટલે બ્રાહ્મણાદિ વર્ણમાં સંસ્કાર થયેલા હોય તેવા મનુષ્યોને વિશેષ ધર્મવડે ધર્માદિ સંપાદન કરવાની ફરજ માથે રહેલી છે. જે મનુષ્ય પોતાને માથે પડેલી ફરજ અદા કરવાને પ્રયત્નવાન થતો નથી તે મનુષ્ય, મનુષ્યપણાના પુરૂષાર્થથી ભ્રષ્ટ થઇ અંતે નષ્ટપ્રાય રહે છે. श्रुतिः स्मृतिश्च विप्राणां नयनेद्वे विनिर्मिते एकेन विकलः काणो द्वाभ्यामन्धः प्रकीर्तितः બ્રાહ્મણોને વાસ્તે વેદ અને સ્મૃતિ બંને ચક્ષુરૂપ નિર્માણ કરીછે તે બંને પૈકી એકનું જ ગ્રહણ કરે છે તો તે કાણો કહેવાય છે અને બન્નેનો ત્યાગ (કરનાર) તો આંધળો જ જાણવો. તેથી સ્મૃતિ એ કહેલા દેહનાં ધર્મ એવા શૌચાદિ અને અહિંસાદિ સદાચાર પાળતાં શ્રુતિએ કહેલા વેદાધ્યન ઇશ્વર પૂજનાદિ દ્વિજાતિને માટે શ્રેયસ્કર છે. તેટલા માટે દ્વિજાતિએ પ્રમાદનો ત્યાગ કરી વેદ સ્મૃતિ અને લૌકિક પક્ષને અનુકુળ એવા ધર્માદિ સંપાદન કરવા જોઇએ. वेदे तथात्मज्ञाने च ब्राह्मणो यत्नवान भवेत् બ્રાહ્મણોએ તો તે ધર્મ વાસ્તે વેદ અને આત્મના જ્ઞાનને માટે અવશ્ય યત્ન કરવો જ જોઇએ ભાગવતમાં શ્રી ભગવાન કહે છે કેઃ—

सन्ध्योपास्त्यादिकर्माणि वेदेना चोदितानिमे
पूजान्तैः कल्पयेत्सम्यक् संकल्पः कर्मपावनीम्

भा. ११—२७—११.

ઇશ્વર વિશેજ સંકલ્પ કરનારા પુરૂષે વેદમાં સંધ્યોપાસનાદિ કર્મો અવશ્ય કરવા કહ્યાં છે તે કર્મો કરવાં અને તેઓની સાથે કર્મોનાં બંધનનો નાશ કરનારી મારી પુજા કરવી. તેથી સર્વ દ્વિજાતિએ, સ્નાન, સન્ધ્યા, તર્પણ, જપ હોમ, દેવતાનું પૂજન, ઇત્યાદિ શૌચદંતધાવન પ્રક્ષાલન પૂર્વક નિરંતર વિધિવત્ કરવું. જે માણસ સાંજસવારની સંધ્યા શુદ્ધ મનવડે કરી ઉપાસે છે તેનાં અનેક જન્મનાં પાપોને બાળી ગાયત્રી દેવી પાવન કરે છે.

उषः काले तु सम्प्राप्ते शौचं कृत्वा यथार्थवत् ततः स्नानं

प्रकुर्वीत दंत धावन पूर्वकम् सन्ध्यायां च प्रभाते च मध्यान्हे च
ततः पुनः सन्ध्यां चोपासते यस्तु ब्राह्मणो हि विशेषत :

મોટા પરોઢિએ શૌચદંત ધાવન કરી સ્નાન કરી સવાર મધ્યાન્હ અને સાયંસન્ધ્યાની જે ઉપાસના કરે છે. તેમાં બ્રાહ્મણોને માટે વિશેષ કરીને છે. (સન્ધ્યાશબ્દનો અર્થ નીચે પ્રમાણે છે.)

(સંધ્યા) ઉત્તમ પ્રકારે ત્રણે કાલમાં બ્રહ્માદિ દેવતાઓનું વા સૂર્યમંડળમાં રહેલા પરમાત્માનું પ્રણવાદિ મંત્રદ્વારા ચિંતવન કરવું યા ઉપાસના કરવી તેનું નામ સંધ્યા સમજવી (૨) કેવળ સંધ્યા શબ્દનો એ અર્થ થાય છે કે જેની દ્વારા ઉત્તમ પ્રકારે પરમાત્માનું ધ્યાન કરી શકાય, તેમજ પરમાત્માનું ધ્યાન કરવાનો જે વખત તેને સંધ્યા નામ આપેલું છે. દીવસ અને રાત્રિની સંધિ તેને સંધ્યા કહે છે. પરમાત્માના ધ્યાનનો વખત એ છે કે.

अहो रात्रस्य यः संधिः सूर्य नक्षत्र वर्जितः सातु सन्ध्या समाख्याता मुनिभिस्तत्व दर्शिभिः

તત્વને જાણનારા મુનિઓ કહે છે કે દિવસ અને રાત્ર વા રાત્ર અને દિવસની સન્ધિ વખતે સૂર્યચંદ્રાદિ નક્ષત્ર દેખાતા ન હોય તે વખતને સંધ્યા જાણવી. વા सूर्योदयात्पूर्वद्वेघटिके सन्ध्याकालः સૂર્યના ઉદય પૂર્વે બે ઘડીના સુમારે સંધ્યાનો કાળ જાણવો તે સંધ્યા શબ્દ પ્રભાતે ગાયત્રી રૂપે મધ્યાને સાવિત્રી રૂપે અને સાયન્હે સરસ્વતિરૂપ છે. એ પ્રકારે ત્રણ નામ યુક્ત થયેલી સૂર્ય નક્ષત્ર રહિત એવી સન્ધિની વખતે સૂર્ય મંડળમાં રહેલા પરમાત્માનું ચિંતવન કરવું તેનું નામ સંધ્યા કહેલી છે. ગાયત્રી દેવીનું નામજ સંધ્યા કહેલી છે. संध्याकाल त्रयमासादनम् સંધ્યાનો જે કાળ તે ગાયત્રીના ત્રણ વાહન રૂપ છે. અને ગાયત્રી દેવીનું તેના વાહન વખતેજ આવાહન કરવું શ્રેષ્ટ છે. તેથી ગાયત્રીનું પૂજન, દિવસ રાત્રિની સન્ધિની વખતેજ કરવાથી અત્યંત કલ્યાણને આપનારૂં છે વળી તે ગાયત્રી બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્રના વર્ણ ભેદે કરી સવાર મધ્યાન્હ અને સાયંકાલે તે દેવાદિના ધ્યાનપૂર્વક જપવા યોગ્ય છે, શ્રુતિ જણાવે છે કે अहरहः सन्ध्यामुपासीत દિન પ્રતિદીન સંધ્યા કરવી અર્થાત્ નિરંતર સંધ્યાકાલ વખતે ગાયત્રી જપવી અત્રે નિરંતર ” લખવા થકી સ્મૃતિમાં એવું જણાય છે કે નિત્ય કર્મનો અનાધ્યાય હોતો

નથી. તેથી સંધ્યા નિરંતરજ થવી જોઇએ. વળી મનુસ્મૃતિમાં મધ્યાન સંધ્યા કરવા જણાવ્યું નથી. પણ અન્ય બીજા ઘણા રૂષિઓનો મત છે કે મધ્યાન સંધ્યા કરવી તેથી મનુસ્મૃતિથી કાંઇ તે વિરૂદ્ધ જતું નથી, કેમ કે મધ્યાન વખતે પણ જો સંધ્યા કરવામાં આવે તો કાંઇ અયોગ્ય કહેવાય નહીં. અગર ન કરવાથી કાંઇ દોષ નથી. પોતપોતાના અવકાશને આધિન મધ્યાન સંધ્યા રાખવી ઘટે છે, પણ સનાતન ધર્મ વિરૂદ્ધ વર્તનાર પ્રતિપક્ષીઓના ઉપદેશથી કોઈ પણ જાતની ભ્રાન્તિમાં પડવું નહીં. મનુ—પ્રાતઃકાલની સંધ્યા રાત્રિના કરેલા પાપને અને સાયન્હની સંધ્યા દિવસના કરેલા પાપને નિવારણ કરે છે. ગોભિલ નામના રૂષિ જણાવે છે કે—બ્રાહ્મણ સંધ્યા ન કરે વા જાણતો પણ ન હોય તો અથવા જાણવા પ્રયત્ન પણ કરતો નથી તો તે મરણ પછી શ્વાન યોનિમાં જન્મ પામે છે. કુર્મપુરાણ—જે સંધ્યાનો ત્યાગ કરી ધર્મ કરે છે તે દશ હજાર વર્ષ નરકમાં રહે છે. યાજ્ઞવલ્કય—સૂતકમાં પણ સંધ્યા કરવી. પણ પિતૃકર્મમાં કરવી નહીં. મૃત સૂતકમાં મંત્ર વગર પ્રાણાયામાદિ કરવા. અને ગાયત્રી ભણી અર્ઘ આપવા. પણ ઉપસ્થાન કરવું નહીં, અર્ઘ આપવા જળ ન મળી શકે તેવા સમયમાં માનસીક અર્ઘ આપવા. સંકટ વખતે સંધ્યા ન કરવા થકી દોષ લાગતો નથી. શ્રાદ્ધમાં ભોજન કરનારે દશ ગાયત્રી જપી સંધ્યાનો આરંભ કરવો. સન્ધ્યાનો ત્યાગ જીવન હોય ત્યા સુધી થઇ શકતો નથી પણ ભ્રમિત ચિત્તવાલા મનુષ્યને તે કર્મ લાગુ નથી. સંધ્યાનો ઉક્તકાળ ત્યાગ થતાં અર્થાત્ વ્યતિત થઇ જાય તો ચોથો અર્ઘ આપવો.

સંધ્યા દોષનું પ્રાયશ્ચિત.

ઉપવિત સંસ્કારથી શરૂ થયેલી સંધ્યા પ્રથમ સાયંકાળથી શરૂ કરવામાં આવે છે, તેમાં કોઇ વખત કોઇ કારણસર સંધ્યા ન બની શકી હોય તો તેના પ્રાયશ્ચિત નિમિત્તે ૮૦૦૦ વાર ગાયત્રી જપવી એ જપ પ્રાયશ્ચિતેન્દુ શેખરમાં જણાવ્યો છે. નિત્યમાં કદી અતિકાળ થઇ જાય તો ૧૦૦ વાર ગાયત્રી જપી પ્રાયશ્ચિત કરવું કેટલાક પ્રતિપક્ષિ તરફથી આક્ષેપ કરવામાં આવે છે કે બીજા વેદના મંત્રો નહીં જપતાં ગાયત્રીજ શા માટે જપવી અને વળી તે સંધ્યાજ શાને ? તે સંધ્યા શબ્દ કોઇ દેવી વા દેવ કે કોના ઉપાસ્ય છે ? આવાં તરેહના અનેક પ્રપંચો નાસ્તિક વાદીઓ તરફથી ગાયત્રી મંત્ર જાણવા વિશે પૂછવામાં આવે છે. પણ તે અર્ધદગ્ધ લોકોના મનનું સમાધાન

બ્રહ્માજી પણ કરવા સમર્થ નથી તો પછી સંધ્યા ભાષ્ય લેખકની શી ગણત્રી! તોપણ સનાતન ધર્મનિષ્ટ જીજ્ઞાસુઓને ભ્રાન્તિ ન થાય તેને માટે યત્કિંચિત્ ખુલાસો કરવાની જરૂર છે, " ગાયત્રી શબ્દાર્થ એવો છે કે જે ગાયત્રીને ભજે છે તેને ગાયત્રી નરકમાંથી તારે છે. તે ગાયત્રી સર્વ વેદ વેદાંગના રહસ્ય રૂપ છે. જપતાં સર્વ વેદોનું અધ્યયન પરિપૂર્ણ થાય છે. તથા સર્વ ધર્માદિ ક્રિયા ગાયત્રી વડેજ સિદ્ધ થાય છે. મોક્ષ પણ તેના વડેજ પ્રાપ્ત થાય છે. અર્થાત્ બીજી વૈદિક ક્રિયાની અપેક્ષા રહેતી નથી વળી ગાયત્રીની એવી રીતે શોધ કરવામાં આવી છે કે તેના દરેક અક્ષર શક્તિ દૈવત વાળા જણાવેલા છે, દરેક અક્ષર આ બ્રહ્માંડના દરેક પરમાણુના કારણ રૂપે જણાવ્યા છે, બ્રહ્માંડના ચોવીશ તત્વ અને પરબ્રહ્મ એ પ્રકારે પચીશ તેવાજ ગાયત્રીના ચોવીશ અક્ષર અને ૐકાર પચીશમાં પરબ્રહ્મરૂપે જણાવ્યો છે, આંતર દ્દષ્ટિથી જોતાં ગાયત્રીનો દરેક અક્ષર મોક્ષનાદ્વાર ખુલ્લાં કરનાર કુંચીરૂપ છે. તેવા અલૌકિક પ્રકારની ગોઠવણથી વેદમંત્રની જનની રૂપ ગાયત્રી સર્વ વેદના તત્વરૂપ હોવાથી વેદના બીજામંત્રો કરતાં વિશેષતા વાળી છે. તે ગાયત્રીજેવા તત્વરૂપ મંત્રને મૂકી બીજા મંત્ર ભણવાથી અલ્પ ફળ છે, માટેજ ગાયત્રી જપવાનો આગ્રહ પૂર્વક આદેશ થયેલા છે ને તે સંધ્યાકાળે જ જપવી યોગ્ય કહેલી છે, કેમકે સંધ્યા તે ગાયત્રીનું સ્વરૂપ છે. સંધ્યાકાલે ગાયત્રી જપવા થકી ગાયત્રીનું યથાર્થરૂપ ખડું થાય છે, અને ત્વરિત તેનુંફળ અભિમુખ થાય છે, જેમ સંગીતસાર પ્રમાણે ૧ રાગાદિના રૂપ યથાર્થ ખડા'ર કરવાનો વખત નિર્માણ થયેલો છે, અને જે રાગ જે વખતે ગાવાનો હોય તે વખતે ગાવાથી યથાર્થ તેનું સ્વરૂપ બંધાય છે તેમ ગાયત્રી જપવાનો કાળ સંન્ધિ વખતેજ હોવાથી અત્યંત ફળ આપનારૂં છે. બીજા વખતે સંધ્યા (ગાયત્રી) જપવાથી અનર્થકારકતો નથી પણ જે પ્રમાણમાં યોગ્ય કાલે સેવનનું ફળ મળે છે તે અન્યકાલે અલભ્ય છે, ને તેથી સંધ્યાકાલે જપવાનું સિદ્ધ હોવાથી ગાયત્રીનું નામ સંધ્યા આપેલું છે. તે સંધ્યા બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વરના વર્ણના ભેદે કરી ધ્યાન કરવા યોગ્ય ગાયત્રી, સાવિત્રી અને સરસ્વતિરૂપે ત્રણે કાલમાં સંધ્યા નામથી પૂજાય છે. તેથી તે સંધ્યામયી કહેવાય છે, સંધ્યા બંને વખત સન્ધિ વખતેજ કરવી એવું છાંદોગ્ય બ્રાહ્મણનું વચન છે, મધ્યાન સંધ્યા, સોલ અંસ દીનમાનથી સાત અંશ બાકી રહે

અર્થાત્ ન૨૨ાંશ દીનમાન ચઢે મધ્યાનનો વખત કહેલો છે.

ઘરમાં સંધ્યા કરવાનું ફળ સાધારણ છે, જળ પ્રવાહ, દેવ મંદિર, તુલસી આદિ વૃક્ષના મૂળ નીચે ઉત્તમ ફળ સુચવ્યું છે. છતાં તે બ્રહ્મચારીને માટે છે. ગૃહસ્થાશ્રમી પુરૂષને પોતાની અનુકુળતા ઉપર રહેલું છે.

દીર્ઘ સંધ્યાનો આશય એ છેકે ગાયત્રીનો જપ વિશેષ થાય, કેમકે ગાયત્રીના ઘણા જપ થકી અનેક પાપ કર્મોનો નાશ ત્વરિત થાય છે અને ચિત શુદ્ધ થાય છે. ટુંકમાં સંધ્યા કરવા થકી ચિત્તની શુદ્ધતા થવામાં ઘણાકાળનું વહન થયા કરે છે. વાસ્તે ગાયત્રી જપ અધિક થાય તેમ કરવું આસન દર્ભનું ઉત્તમ છે દર્ભનો અગ્ર ભાગ પૂર્વ તરફ રહે અને મૂળ નીચે રહે તેમ આસન નાંખી બેસવું.

સંધ્યાના ધ્યાનમાં ગાયત્રી સિવાય કોઇ પણ મંત્ર (વેદનો) સંબંધ ધરાવતો નથી તેથી ત્રણ કાળની સંધ્યામાં ગાયત્રી, ધ્યાનને માટે પ્રશસ્ત છે. સંધ્યામાં 'અર્ઘ' પ્રદાન પૂર્વે જેટલા મંત્રો આવે છે તે દેહ અને મનની શુદ્ધિને અર્થે જ જણાવ્યા છે. અને સૂર્ય અર્ઘથી શરૂ કરી ગાયત્રી જપ વિસર્જન સુધી ધ્યાનનો પ્રકાર છે.

સંધ્યા કરવાના આરંભમાં એવું સુચન છે કે ગાયત્રી દ્વારા બ્રહ્માનું સાવિત્રી દ્વારા મહેશ્વરનું અને સરસ્વતિ દ્વારા વિષ્ણુનું ધ્યાન કરવું. ગાયત્રી સાવિત્રી અને સરસ્વતી એ સંધ્યાનાં પ્રાતઃમધ્યાન્હ અને સાયંકાળનાં સ્વરૂપ છે. ધ્યાન કરનારે જે જે દેવતાનું ધ્યાન કરવું હોય તે તે દેવતાના સ્વરૂપ જેવું પોતાનુ અંગ કલ્પી પોતાનો સ્વભાવ અને વર્ણ તે રૂપનાં કરી પૂજન શરૂ કરવું. જેવી રીતે બ્રહ્માનું ધ્યાન કરવું હોય તો ભસ્મ રૂદ્રાક્ષ ધારણ કરી ગાયત્રીથી વા બ્રહ્માના નામ મંત્રથી અંગન્યાસાદિ કરી તેમનું ધ્યાન શરૂ કરવાવિધિ છે તે પ્રમાણે સર્વત્ર સમજવું.

દરેક રૂચાની આદિમાં તેના રૂષિ છંદ અને દેવતા તથા વિનિયોગ આવે છે. અર્થાત્ જે મંત્રનો જે રૂષિએ સાક્ષાત્કાર કર્યો અગર કોઈ સિદ્ધિ પ્રાપ્ત થઇ તે મંત્ર તે રૂષિથી ઓલખાય છે, જેમ કે વિશ્વામિત્ર રૂષિને ગાયત્રી સાક્ષાત્કાર થઈ તેથી ગાયત્રી મંત્ર વિશ્વામિત્ર રૂષિથી જણાય છે, હેતુ એવો સમજવામાં આવે છે કે તે રૂષિના નામનું સ્મરણ રહે અને તે પ્રમાણે અમને પણ સિદ્ધિ પ્રાપ્ત થાય.

છંદ—શબ્દાર્થ ઘણા છે. પણ ટુકામાં અર્થ એ છે જે અક્ષરોની માત્રા ભેદે ગણના કરી તેને એકઠા કરવાથકી છંદ બને છે. છંદથી મંત્રનું યથાર્થ પણું સમજાય છે. છંદ સાત છે, ૧ ગાયત્રી ૨ ઉષ્ણુક ૩ અનુષ્ટુપ ૪ બૃહતિ ૫ પંક્તિ ત્રિષ્ટુપ અને ૭ જગતિ આ દરેક છંદના ચાર ચાર ચરણ હોય છે. દરેક ચરણમાં જે તે છંદનો ચોથો ભાગ એક ચરણમાં આવે છે. ગાયત્રીના ચોવીસ અક્ષરો છે તેનો ચોથો ભાગ એટલે ૭ અક્ષર દરેક ચરણમાં આવે છે ગાયત્રીથી બીજો છંદ સાત અક્ષરના ચરણવાલો છે એમ ઉત્તરોત્તર એકેક અક્ષર એકેક ચરણમાં વધે છે. અર્થાત્ સાતમા છંદના એક ચરણમાં બાર અક્ષર આવે છે. તે પ્રમાણે ગાયત્રીના ૨૪ ઉષ્ણિકના ૨૮ અનુષ્ટુપ ૩૨ બૃહતિ ૩૬ પંક્તિના ૪૦ ત્રિષ્ટુપ ૪૪ અને જગતિના ૪૮ અક્ષરોની વ્યાખ્યા સમજાય છે.

દેવતા—મંત્રનો સ્વામિ–હેતું એ છે કે જે દેવતાનું સ્મરણ કરવું હોય તો તે દેવતાનો મંત્ર જપવો અર્થાત્ ગાયત્રીના દેવતા સવિતા છે તે સવિતાના ધ્યાન માટે ગાયત્રી જપવાની છે.

વિનિયોગ— કામમાં લાગવું અથવા ધારણ કરવું એવો શબ્દાર્થ છે. હેતુ એવો છે કે કોઇ વિશેષ કાર્યને લેઇ પ્રથમ કલ્પમાં જે મંત્ર પ્રકટ થયેલા તેની ધારણા કરવારૂપ વિનિયોગનો અર્થસુચક શબ્દ વાપરવામાં આવ્યો છે. કારણ કે વિનિયોગ એ એક પ્રકારનો સંકલ્પ છે. તે કર્મનો હેતુ જણાવે છે, જેવી રીતે કે गायत्रीजपे विनियोगः જપના નિમિત્તે ગાયત્રીને ભણીએ છીએ.

(ઓં) ઓંકાર એ ગાયત્રીની પૂર્વે આવે છે. અંતમાં આવે છે, તે શબ્દ પરમાત્માનું સર્વથી ઉત્તમ નામ છે. તેને પ્રણવ કહે છે, અર્થાત્ જે નામથી ઉત્તમ પ્રકારે સ્તુતિ કરી શકાય તેનું નામ પ્રણવ છે, પ્રણવાદિ મંત્ર ધર્માદિને આપનારો છે. પ્રણવથી તમામ મંત્રોની ઉત્પત્તિ થઈ છે, અને સર્વ ઓંકારમાં જ લય પામે છે. ઓંકાર અકાર ઉકાર અને મકાર અક્ષરો મલી થયેલો છે. તે અવિનાશી છે, તેના બહુ પ્રકારે અર્થ છે, છતાં તે બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્રરૂપ છે, ઓંકારના ત્રણ અક્ષરો તમામ વેદ અને વેદાંગના સાર રૂપ છે, તેનો જપ ઘણો ઉત્તમ પ્રકારે વર્ણવેલો છે, એ નામથી ઇશ્વર પ્રસન્ન થાય છે. સત્પુરૂષોને આ શબ્દ જપવાનો અધિકાર છે, એનો ઉચ્ચાર શુદ્ધ અને એકાંતમાં થવો જોઇએ તે પ્રણવના રૂષિ બ્રહ્મા છે, ગાયત્રી છંદ છે અગ્નિ દેવતા છે. સઘલી ધર્માદિ ક્રિયાના

આરંભમાં તેનો વિનિયોગ છે, ઓંકારના અકારથી ચૌદ સ્વરોનું અને ઉકાર મકારથી પાંચ પાંચ સ્વરોનું ગ્રહણ થતાં ચોવીશ અક્ષરોનું ગ્રહણ થાય છે. તેથી તેનો છંદ ગાયત્રી કહેવાય છે, ઓંકારને વેદ સાથે યુકત કરનાર બ્રહ્મા છે. તેથી તે તેના રૂષિ છે, દેવતા અગ્નિ છે કેમકે ઓંકારની ઉત્પત્તિ અગ્નિરૂપ ઈશ્વરથી થયેલી છે, તેથી તે તેના દેવતા છે, વ્યાહૃતિએ ઓંકારથી ઉત્પન્ન થયેલી છે. અકારરૂપ પરમાત્મા વૈશ્વાનર જગતને વિવિધ પ્રકારે રચે છે, ઉકારરૂપ તૈજસ નામના પરમાત્મા સર્વને પ્રકાશિત કરે છે અને મકારરૂપ પ્રજ્ઞ સંજ્ઞક પરમાત્મા વૈશ્વાનર તથા તૈજસના પરિમાણરૂપે એક થઈ (અભેદ રહી) સર્વ જગતને જાણનાર છે, તેવા ઓંકારને ગાયત્રીના આદિ અને અંતમાં ભણવા થકી મોક્ષ ફળને આપનાર કથન કરવામાં આવ્યો છે. વિશેષ વ્યાખ્યા માટે ગાયત્રી સ્તવરાજ અમારૂ ભાષ્ય કરેલું તે જુઓ)

વ્યાહૃતિ–શબ્દાર્થ ઉચ્ચારણ એવો થાય છે તે ગાયત્રીના ભર્ગનું વિશેષણ છે અને સાત લોકની સ્થિતિનો હેતુ જણાવનાર છે.

૧ भूः આ, શબ્દમાં સઘળા જીવો અને સર્વ પદાર્થોનો સમાવેશ થાય છે (पृथिवी)

૧ भुव જ્યાં ફરી જન્મ લેઈ પ્રાણિ ભોગ ભોગવે છે (अंतरिक्ष)

૩ स्वः શિતોષ્ણ, વૃષ્ટિ, તેજ તેમાં ઉત્પન્ન થાય છે અને શુભ કરણી કરનારનો જ્યાં વાસ થાય છે તે (स्वर्ग)

૪ मह: આ લોક સઘલા લોકની વચ્ચે એક લોક છે (महर्लोक)

जनः પ્રલયના અંતે સઘલું નાશ પામ્યા પછી ફરી શ્રષ્ટિની આદિમાં જે લોક ઉત્પન્ન થાય છે તે જન લોક કહેવાય છે (जनलोक) ઉપરોક્ત પાંચ સ્વર્ગ પણ કહેવાય છે. तपः સનકાદિક જે બ્રહ્માજીના પુત્રો તપ કરવા થકી સિદ્ધિને પામેલા હોવાથી પ્રલય થવા છતાં પણ રહે છે તે તપ લોક કહેવાય છે (तपलोक).

सत्य આ લોક બ્રહ્માનો ૧ સઘલા લોકની ઉપર આ લોક આવેલો છે આ લોક સત્ય અને જ્ઞાન વડેજ પમાય છે.

વ્યાહૃતિ भूः भूरिति वैप्राणः भुवरित्यपानः स्वरितिव्यान भूः સઘળા પ્રાણિઓને પ્રાણ આપવાવાળા. નાશ કરવાવાલા, એવા પ્રાણથી અધિક પ્રિય ઇશ્વર છે. તે भूः થી ઓલખાય છે.

भुव; અપાન અર્થાત્ મોક્ષની ઇચ્છા વાલાઓના સઘલાં દુખો નાશ કરવાવાળા.

स्वः તે પરમાત્મા પ્રાણાદિ જગતના ચેષ્ટા કરવાવાલા આ પ્રકારે તેના અર્થ છે.

ઉપરોક્ત સાત વ્યાહૃતિઓના રૂષિ છંદ અને દેવતા જુદા જુદા છે તે નીચે પ્રમાણે.

व्याहृति तथा ओंकार.

व्याहृति.	ॐ भूः	ॐ भुवः	ॐ स्वः	ॐ महः	ॐ जनः	ॐ तपः	ॐ सत्यं	ॐ
ऋषिः	विश्वामित्रः	जमदग्निः	भरद्वाजः	गौतम.	अत्रिः	वशिष्ठः	कश्यपः	ब्रह्मा
छन्दः	गायत्रि	उष्णिक्	अनुष्टुपः	बृहति	पंक्ति	त्रिष्टुप	जगति	गायत्री
देवता.	अग्निः	वायुः	सूर्यः	बृहस्पतिः	वरुणः	इन्द्रः	विश्वेदेवाः	परमात्मा

ॐ आवाह्यामि गायत्रीं सर्व पाप प्रणाशिनीं। नगायत्र्या परंजप्यं न व्याहृति समं हुतं ॥
आगच्छ वरदे देवि जपे मे सन्निधौभव। गायन्तन्त्रयःयते यस्माद्गायत्री त्वंततः स्मृता ॥

હું ગાયત્રી દેવીનું આવાહન કરૂં છું જે સર્વ પાપોનો નાશ કરનારી છે ગાયત્રીથી મોટો કોઇ જપ નથી અને વ્યાહૃતિ સમાન કોઇ હોમ નથી. હે દેવિ તમો આવો તમો વરદાન આપનાર અમારા જપ કાલે નિકટ પધારો તમને કોઇ જપે છે તેનું તમે પાલન કરો છો. એ હેતુથી તમારૂ નામ ગાયત્રી પડયું છે. સવિતા તમારા દેવતા તેથી તમારૂ નામ સાવિત્રી પડયું છે.

સંધ્યામાં પ્રથમ એ વિચાર રાખવાનો છે કે ઉપવિત, શિખા બંધન, ભસ્મ, ઉપવસ્ત્ર, પવિત્ર ધોતી,પહેરેલી હોવી જોઇએ સૂતરનું શીવેલું વસ્ત્ર તે વખતે ધારણ કરવું નહી.

(संध्या प्रारम्भ).

સ્નાન કરી રહ્યા પછી દ્વિજોએ ધોયેલું વસ્ત્ર ચાર છેડે પેહેરવું અને પાસે ઉપવસ્ત્ર રાખવું કારણ કે એક વસ્ત્રથી ભોજન અને દેવપૂજન કરવામના[1] છે, કદી ઉપવસ્ત્રનો[2] અભાવ હોય તો યજ્ઞો પવિત વિશેષ પેહેરવું શ્રૌતસ્માર્ત્ત કર્મોમાં દ્વિજોને બે જનોઇ પેહેરવાનાં છે અને ત્રીજું જનોઇ ઉતરીય વસ્ત્રનું અને ચોથું ઉપવસ્ત્ર (ખેસ) ન રાખવાના સબબથી પેહેરવાનું છે. આ પ્રમાણે શુદ્ધ વસ્ત્ર અને ઉપવિતાદિકથી યુક્ત થઇ આસન પર આવીએ ત્યારે પ્રથમ ભસ્મનીચેનો[1] મંત્રોદ્વારા કરવી. ભસ્મ અગ્નિ હોત્રની, નિત્ય હોમની સમિધની તૈયાર કરેલી વા ગાયના છાણને બાળી ભસ્મ કરેલી તે ઉપયોગમાં લેવી તે ભસ્મ સવારમાં જળ મિશ્રિત. મધ્યાને ગંધ મિશ્રિત અને સાયંકાલે જલગંધ વગર એકલી ભસ્મ કરવી કારિકા.

(भस्मना ललाटे ग्रीवायां दक्षिणे सेहृदिच त्र्यायुषं मिति प्रतिमंत्रम् प्रातः ससलिलं भस्त मध्यान्हे गन्ध मिश्रितम्—सायन्हे निर्जलं भस्म एवं भस्म विलेपयेत्)

ભસ્મને ડાબા હાથમાં લેઇ જમણો હાથ ઉપર ઢાંકી મંત્ર બોલવો.

(१) ॐ अग्नि रिति भस्म, वायुरिति भस्म, जलमिति भस्म स्थल मिति भस्म व्योमेति भस्म, सर्वंहवाइदं भस्म, मन एतानि चक्षुंषि भस्मानि (२) ॐ आपो ज्योति रसोऽमृतं ब्रह्म

भूर्भुवः स्वरोम् (३) ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टिवर्धनम् उर्वारुकमिव बंधनान्मृत्योर्मुक्षीयमाऽमृतात्

પેહેલા મંત્રવડે અભિમંત્રી બીજામંત્રથી જળમિશ્રિત કરવું અને ત્રીજા મંત્રથી બંને હાથની વચલી ત્રણ આંગળીઓ વડે તે ભસ્મને મસલવી. અને નીચેના મંત્રથી સૂર્યને પ્રદર્શિત કરવી.

ॐ त्र्यायुषं जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् यद्देवेषु त्र्यायुषन्तमाऽअस्तु त्र्यायुषम्

આ મંત્રથી પ્રદર્શિત કરેલી ભસ્મને ॐनमः शिवाय એ મંત્રે વડે લલાટ, કંઠ. હૃદય, ખભા, બાહુ. નાભિ. પેટ. પડખાં વિગેરે સ્થળે ધારણ કરવી. પણ જે લલાટમાં ભસ્મ ધારણ કરવી તે બંને ભમ્મરોના વચમાંજ કરવી. કેમકે नेत्रयुग्म प्रमाणेन त्रिपुंड् धारयेद्विजः બંને નેત્રના અંદર દ્વિજે ભસ્મ (ત્રિપુંડ) ધારણ કરવી.

आग्नि र्वायुर्जलं स्थलं व्योमेति तथा मन चक्षु श्रोत्रेन्द्रियानि एतानि सर्वाणि भस्मानीति आपो आप इत्याप्नोति— । अति व्यापित्वं । ज्योतिरिति। प्रकाशरुपत्वं। रसइति सर्वातिशायित्वं। अमृत मिति मरणादि संसार निर्मुक्तत्वं । ब्रह्म इति ब्रह्म । भूर्भुव स्वरोम् एतै र्निगमित्वं प्रकाशित्वं । एतद्रूपमित्यर्थः ॥

અગ્નિ વાયુ જળ સ્થળ વ્યોમ તથા મન ચક્ષુરાદિ ઇન્દ્રિયો સર્વ ભસ્મરૂપ છે. ને તે ભસ્મ સર્વવ્યાપિ, સર્વપ્રકાશક, સર્વથી ઉત્તમ અને ૧ નિત્ય યુક્ત આત્મ સ્વરૂપ છે, વા બ્રહ્મરૂપ છે.

त्र्यंब कमिति—त्र्यंबकं शिवं पूजयामः किंभूतं सुगंधिम् मृत्य दोष रहितं । पुष्टि वर्धनम् । पुष्टेर्धनधान्यादि वर्द्धयितारं यतः सोऽस्मान् मृत्योः सकाशात् मुक्षीय मोचयतु कस्मात्कमिव बंधनात् उर्वारुकमिव उर्वारुः कर्कटी विशेषः अनायासे दृष्टान्तम्। मामृतात् अमृतात् मा मोचयतु इत्यर्थः

અમો ત્રણ નેત્ર વાળા શિવનું પૂજન કરીએ છીએ, કે જે મૃત્યુ-દોષથી રહિત છે અને પુષ્ટિને માટે ધનધાન્યાદિના વધનારનારા છે. તે અમને. અનાયાસે જુદી પડેલી કાકડીની પેઠે સંસારના જન્મ-

મરણુથકી મુકાવો પણુ અમૃત અર્થાત્ મોક્ષમાંથી અમને દૂર કરશો નહીં.

त्र्यायुष मिति– त्रीणि आयूंषि समहृतानि त्र्यायुषं त्र्यायुष बाल यौवन जराणि तथा च जमदग्नेः कश्यपस्य च यद्देवेषुत्र्यायुषम् । तन्नः अस्माकं त्र्यायुषमस्त्वित्याशीः प्रार्थनम्

જમદગ્નિ કશ્યપ તથા દેવતાનું ત્ર્યાયુષ (બાળ યૌવન અને જરા રૂપ ત્રણુ પ્રકારનું ચરિત્ર) છે તેવું અમારૂં આયુષ થાઓ. અર્થાત્ તેવાં ત્રણુ પ્રકારનાં આયુષ્ય અમારાં હો. (એવી પ્રાર્થના છે.)

ઉપર પ્રમાણે મંત્રોનો અર્થ સ્મરણુ કરતાં ભસ્મ લેપન કરી રહ્યા પછી આચમન પ્રાણાયામ અને શિખા બંધન આવે છે. કારિકા (आचम्य प्राणायानिम्य शिखा बंधनम्) —આચમન—

ઉપરોકત ભસ્મ આસનપર આવ્યાં પહેલાં પણુ ધારણુ થઇ શકે છે માટે આસનપર આવી પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ બેસી ફીણુ વગરનું શુદ્ધ શિતળ જળ લેઇ આચમન કરવું. કેમકે (आचम्यप्राणान्संमृतिशआमागन्यशसेति) આચમનથી પવિત્ર થવાય છે અને પ્રાણુચિત્તની એકાગ્રતા થવામાં મદદરૂપ છે. અને કર્મની સિદ્ધિ થવામાં હેતુભૂત છે માટે ઠંડુ જળ હથેલીમાં એક માસાભર સોનાનો મણી ડુબે તેટલું લેઇ અંગુષ્ટ અને ટચલી આંગળી છૂટાં રાખી હથેલીના મૂળના મધ્ય ભાગે ઓઠ લગાડી નીચેના મંત્રોદ્વાર આચમન કરવું.

ॐ आत्म तत्वाय स्वाहा १ ॐ विद्या तत्वाय स्वाहा २

ॐ शिव तत्वाय स्वाहा ३

આ આચમન બ્રાહ્મણે હૃદયે સુધી ક્ષત્રિયે કંઠ સુધી અને વૈશ્યે મુખ સુધી પોહોચે તેમ આચમન કરવું.

— પ્રાણાયામ —

પ્રાણાયામ—શ્વાસ પ્રશ્વાસનું સંયમ કરવું તેનું નામ પ્રાણાયામ છે.

योगङ्गानुष्टानादशुद्धि क्षयेज्ञानादिप्तिरा विवेक ख्याते

જ્યારે મનુષ્ય પ્રાણાયામ કરે છે ત્યારે પ્રતિક્ષણે ઉત્તરોત્તર કાળમાં અશુદ્ધિનો નાશ અને જ્ઞાનનો પ્રકાશ થતો જાય છે. જેમ

दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथामलाः
तथेन्द्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात्

જેમ અગ્નિમાં તપાવવાથી સુવર્ણાદિ ધાતુઓનો મેલ નષ્ટ થઇ શુદ્ધ થાય છે તેમ પ્રાણાયામે કરી મનાદિ ઇન્દ્રિયોના દોષ ક્ષીણ થઇને નિર્મળ થાય છે.

શ્વાસ પ્રશ્વાસની ગતિને ભંગ કરવામાં આવે તેને પ્રાણાયામ જાણવો, પ્રાણાયામના ઘણા પ્રકાર છે. પ્રથમ શાસ્ત્રોક્ત રીતે અવલંબન કરી ગુરૂના ઉપદેશ પ્રમાણે નાસીકા દ્વારા બાહારના અમૃતમય વાયુનું આકર્ષણ કરવું તેને "પૂરક" કહે છે. તેને ક્રમે કરી ધારણ કરવું તેને "કુંભક" કહે છે ધારણ કરેલા વાયુને વિધિવત્ ત્યાગ કરવો એ ક્રિયાનું નામ પ્રાણાયામ છે. પ્રાણને ઇચ્છા મુજબ રોકવો તેનું નામ પ્રાણાયામ છે, પ્રાણની ગતિ જો ઇચ્છાને આધિન થાય તો ચિત્તને સેહેજમાં સ્થિર કરી શકાય છે. ઇન્દ્રિયોના બધા કાર્યો પ્રાણની ગતિને આધિન રહેલાં છે. શ્વાસ પ્રશ્વાસરૂપ ગતિનું અવલંબન કરીનેજ પ્રાણ આ શરીર યંત્ર ચલાવે છે. મનની ચંચળતાનું પ્રધાન કારણ પણ શ્વાસ પ્રશ્વાસ છે. પ્રાણના ચલનથી મનનું ચલન અને પ્રાણના નિરોધથી મનનો નિરોધ થાય છે. કામ ક્રોધાદિ મનના દોષ અને વિક્ષેપ એ બધા પ્રાણ ગતિના દોષથી ઉત્પન્ન થાય છે. પ્રાણની ગતિ જો વિશુદ્ધ થાય તો મનના દોષ પણ નિવારણ થાય છે. આ કારણથી તેનો સતત નિત્ય કર્મમાં પ્રાણાયામ કરવાનો વિધિ છે. સંધ્યામાં પ્રાણાયામ ગાયત્રી ઓંકાર શિરસ્ અને સાત મહા વ્યાહૃતિઓથી કરવામાં આવે છે. (નીચે પ્રાણાયામનો મંત્ર)

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं ॐ तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्यधीमहि धियो योनः प्रचोदयात् ॐ आपो-ज्योति रसोमृतं ब्रह्म भूर्भुवः स्वरोम्

૧ (વ્યાખ્યા ગાયત્રી મંત્રમાં આગળ આવશે) ઉપરોક્ત મંત્ર એક વાર ભણતાં સુધી ડાબી નાસિકા દ્વારા બહારના વાયુનું આકર્ષણ કરવું. આકર્ષણ કરેલા વાયુને ત્રણ વાર મંત્ર ભણતાં સુધી શરીરનાં તમામ છિદ્રો બંધ રાખી ધારણ કરવો. ધારણ કરેલા વાયુને બેવાર ભણતાં સુધી જમણી નાસિકા દ્વારા ધીરે ધીરે બહાર કાઢવો. આ પ્રમાણેની ક્રિયાને પ્રાણાયામ કહે છે. જે નાસિકાથી

પ્રાણુવાયુનું આકર્ષણુ કર્યું હોય તે નાસિકાએ કદી પણુ રેચક કરવો નહીં પરંતુ જે નાસિકાએ રેચક કર્યો હોય તે નાસિકાએ આકર્ષણુ કરી શકાય છે. પ્રાણુવાયુને રેચક અર્થાત્ બહાર કાઢતી વખતે ધીરે ધીરે બહાર કાઢવો જોઇએ, કારણુ કે એકદમ વાયુને બહાર કાઢવાથી બળની હાનિ થાય છે. આ પ્રમાણે નિરંતરના અભ્યાસ થકી મનના દોષનું નિવારણુ થાય છે અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. નાસ્તિકતા ધરાવી મોઢે વાદ કરવા થકી સંધ્યાના ફાયદાની ખબર પડતી નથી પણુ ક્રમમાં મૂકવાથીજ અનુભવ મળી શકે છે. અને તેના સર્વોત્કૃષ્ટપણુાની પ્રાપ્તિ માલમ પડે છે. અને જે જે શંકાઓ ઉઠતી હશે તે પોતાના અનુભવથી નિર્મૂળ થઈ જશે.

शिखाबंधनम्

શબ્દાર્થ એવો છે કે માથાના વાળને એકઠા કરી ગાંઠ વાળવી તેને શિખાબંધન કહે છે. શિખાબંધનમાં ગાયત્રી મંત્રનો ઉપયોગ કરાય છે. અને તે દેવીની એવી પ્રાર્થના કરવામાં આવે છે કે મારા તેજની વૃદ્ધિ કર એવો ભાવ છે.

શિખાબંધન પછી હૃદય માર્જન આવે છે.

શબ્દાર્થ—માર્જન એટલે શુદ્ધ કરવારૂપ ક્રિયા કરવી તેનું નામ માર્જન છે. સંધ્યામાં માર્જન આવે છે. અભિમંત્રિત થયેલા જળ વડે શરીર, આત્મા દ્રવ્યાદિ ઉપચારો પ્રોક્ષણુ કરતાં શુદ્ધ થાય છે. આત્મા પવિત્ર થાય છે. જાગ્રતિ આવે છે. રૂવાં ઉભાં થાયછે, અને ચિત્ત તે વખતે પ્રવૃતિમાંથી એકાગ્રતા પામી આરંભેલી ક્રિયા સન્મુખ પ્રવૃત રહે છે. તેનું નામ માર્જન છે. આ માર્જન મંત્રના નીચે મુજબ રૂષિ છંદ દેવતા અને મંત્ર છે.

ॐ अपवित्रः पवित्रोवेत्यस्य वामदेवऋषि : मुखे विष्णुर्देवता गायत्री छन्दः हृदि पवित्र करणे विनियोगः

ॐ अपवित्रः पवित्रो वा, सर्वावस्थांगतोऽपिवा ।
यःस्मरेत्पुण्डरीकाक्षं, सबाह्याभ्यन्तरः शुचिः ॥

આ માર્જનના રૂષિ વામદેવ છે, દેવતા વિષ્ણુ છે, છન્દ ગાયત્રી છે. હૃદયની પવિત્રતા માટે તેનો ઉપયોગ છે. તેથી હથેલીમાં વા પાત્રમાં રાખેલા જળને દર્ભવડે વા દુર્વાવડે અથવા આંગળીઓવડે

હૃદયને વિશે માર્જન કરવું. મંત્ર અર્થ—અપવિત્ર અથવા પવિત્ર વા ગમે તે સ્થિતિમાં હોય તોપણ જે માણસ ભગવાનનું સ્મરણ કરે છે તો તે બહાર અને અંદર પવિત્ર થાય છે. અર્થાત્ કાંઈ પણ અંતર બહિર અશુદ્ધિ રહી હોય તો તે દૂર થાય છે.

—આસન-માર્જન—

શબ્દાર્થ—स्थिरसुखमासनम् શરીર કંપે નહી વેદના પ્રાપ્ત થાય નહીં તેવી બેઠકને આસન કહે છે. આસનના પ્રકાર બે છે. એક બહારની વસ્તુના સાધનની સહાયતા લેઇ તે ઉપર બેસવું અને બીજું શરીરના અવયોનો સંકોચ અને વિકાશ કરવારૂપ ક્રિયા કરવી તે બે પ્રકારનાં આસન છે. સંધ્યામાં બહારની વસ્તુના સાધન રૂપ દર્ભ, રેશમ, ઉન, મૃગચર્મ તેનાં આસન શ્રેષ્ઠ કહ્યાં છે આસન પૃથ્વી ઉપર મૂકી તેના ઉપર બેસવામાં આવે છે તેથી પૃથ્વીની સ્તુતિરૂપ આસન માર્જન કલ્પેલું છે, તે માર્જનના રૂષિછંદ દેવતા અને મંત્ર—

पृथिवीत्यस्य मेरु पृष्टऋषिः कूर्मोदेवता सूतल छन्दः आसने विनियोगः

મેરૂ પૃષ્ટ રૂષિ, કૂર્મ દેવતા, સુતળ નામનો છંદ અને આસનમાં તેનો ઉપયોગ છે.

ॐ पृथ्वि त्वया धृतालोका देवित्वं विष्णुना धृता
त्वं च धारयमां देवि पवित्र कुरुचासनम्

હે પૃથ્વિ ! તેં લોકોને ધારણ કર્યા છે. અને તને વિષ્ણુએ ધારણ કરી છે. માટે હે દેવિ ! તું મને ધારણ કર તથા આ આસનને પવિત્ર કરો.

આ મંત્ર ભણતાં જતાં જળથી આસને છાંટવું, શરીરના અવયને સકોચ વિકાશરૂપ જે આસન લખ્યું છે. તેનો અર્થ એવો છે કે સઘલા જગતનાં જેટલાં પ્રાણિવર્ગ છે તે સર્વની બેસવાની રીતીને આસન કહે છે. મનુષ્ય પશુ પક્ષિ, કીટાદિ, સ્થાવર યોનિએ તમામના આસનો છે. તેમાં કોઇ બહારની વસ્તુની અપેક્ષા રહેતી નથી પણ પોતાના અંગોવડેજ બેસી ઓઠવાઇ જાય છે તેમાં કોઇને કાંઇ પીડા થતી જોવામાં આવતી નથી. આસનના પ્રકાર જેટલી

યોનિ–તેટલાં આસનો છે તેમાં મુખ્ય ચોરસી આસનો કહેવાય છે. તેમાં પણ જ્ઞાનાદિ મેળવવામાં મદદ કરનારાં ચાર મુખ્ય કહ્યાં છે. પદ્માસન અભ્યાસથી સાધિ શકાય તેવું છે. તેનો પ્રકાર આગળ આવતા પ્રાણાયામના પ્રકારમાં થોડુંક જણાવીશું–આસન પછી સંકલ્પ કરવાનો આવે છે.

संकल्पः

શબ્દાર્થ—જે કર્મ કરવાનું હોય તેનો વિચાર દૃઢ કરવો અને તે નિશ્ચય થયેલા વિચાર નષ્ટ ન થાય તે માટે જે વાણી સત્યરૂપ બોલવી તેનું નામ સંકલ્પ સમજવો. સંકલ્પ વૈદિક ક્રિયાની સિદ્ધિનો સારભૂત છે. સંકલ્પ વગર ક્રિયા નિષ્ફળ છે. ભાવાર્થ એ છે કે આત્મબળથી આરંભેલી ક્રિયા તે સંકલ્પ—

સંકલ્પમાં દેશ, કાળ, માસ, તિથિ, પક્ષ, અને કર્મને ઉદ્દેશે જેનો વિનિયોગ કરાય છે તે સંકલ્પ સમજવો.

अद्यपूर्वोच्चरि० महामांगल्यप्रदे अमुक मासे अमुक पक्षे, अमुक तिथौ अमुक वासरे यथा वर्तमान नक्षत्र योगकरण लग्न मुहूर्त समवाये एवं ग्रहगण विशिष्टायां शुभ पुण्यतिथौ ममोपात्त दुरितक्षयार्थे प्रातः संध्योपासन महंकरिष्ये. (અર્થ)

"અહીં આજ અત્યંત માંગલિક અમુક માસમાં તેના અમુક પક્ષમાં તેની અમુક તિથિના રોજ તેના અમુક વારે જે જે નક્ષત્ર યોગ કરણ લગ્ન મુહૂર્ત આવ્યાં હોય તે દિવસે મારાથી થયેલા પાપના નાશ માટે પ્રાતઃકાળની સંધ્યાની ઉપાસના કરીશ વા કરૂં છું—:' (સંકલ્પ પછી માર્જન કરવાનું છે.)

ॐ भूः पुनातु (शिरसि) ॐ भुवः पुनातु (नेत्रयोः) ॐ स्वः पुनातु (कंठे) ॐ महः पुनातु (हृदये) ॐ जनः पुनातु (नाभ्याम्) ॐ तपः पुनातु (पादयोः, ॐ सत्यं पुनातु (शिरसि) ॐ तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्यधीमहिधियोयोनः प्रचोदयात् (सर्वत्र).

આ મંત્રમાં બતાવ્યા પ્રમાણેનાં અંગો ઉપર જળવાડે માર્જન કરવું. (અર્થ)

પૃથ્વી મને પવિત્ર કરો, અંતરિક્ષ મને પવિત્ર કરો, સ્વર્ગ મને પવિત્ર કરો તેજ પ્રમાણે સાત લોકના અધિષ્ઠાતા દેવ મને પવિત્ર કરો, તથા ઓંકાર સહ ગાયત્રી મને પવિત્ર કરો. (આ માર્જન કેટલાક કરે છે તેમ નથી પણ કરતા–કેમકે આધુનિક કાળ બળે કરી અવકાશના અભાવે જેમ તેમ સંધ્યા કરવી પડે તેમાં આવાં માર્જન પ્રયોગો લુપ્ત કરે છે. ખાસ કરવાની જરૂર હોવાથી ઉપરોક્ત માર્જન જણાવ્યું છે.

—આવાહન—

શબ્દાર્થ—જે દેવનું ધ્યાન કરવું હોય તે દેવનું મંત્રોદ્વારા ભાવપૂર્વક ભક્તિ સાથે ચિંતવન કરવું. વા બોલાવવું એવો અર્થ થાય છે. પ્રાતઃસંધ્યાનું આવાહન બંને હાથ જોડી નીચેનો મંત્ર બોલવો–આ મંત્ર વેદોક્ત નથી તેથી તેના રૂષિ છંદ લખ્યા નથી (બૃહત્પારાશર)

आवाहनम्

गायत्रीं त्र्यक्षरां बालां, साक्षसूत्र कमण्डलुम्
रक्तवस्त्रां चतुर्वक्त्रां, हंसवाहन संस्थिताम् १
ब्रह्माणीं ब्रह्मदैवत्यां, ब्रह्मलोक निवासिनीम्
आवाहयाम्यहं देवीमायांति, सूर्यमंडलात् २
आगच्छ वरदे देवि, त्र्यक्षरे ब्रह्मवादिनी
गायत्री छंद सांमातर ब्रह्मयोनि नमोऽस्तुते ३

(**અર્થ**) ગાયત્રી જે ત્રણ અક્ષરવાળી બાળારૂપ, રૂદ્રાક્ષ જનોઈ અનેક મંડળ ધારણ કરનારી, રાતાં વસ્ત્રવાળી, ચાર મુખવાળી, હંસવાહન ઉપર બેઠેલી, બ્રહ્માણી, બ્રહ્માની શક્તિ અને બ્રહ્મલોકમાં રહેનારી અને સૂર્ય મંડળમાંથી આવનારી દેવીનું હું આવાહન કરૂંછું હે વરદાન આપનારી દેવી! હે ત્રણ અક્ષરવાળી, હે બ્રહ્મવાદિની, હે ગાયત્રી હે વેદની માતા હે બ્રહ્મયોની તમને નમસ્કાર હો–કેટલાક ગ્રંથોમાં ઉપરોક્ત આવાહનને બદલે વેદોક્ત આવાહન કરવા જણાવ્યું છે. તે નીચે પ્રમાણે—

ॐ ओजोऽसि सहोऽसि बलमसि भ्राजोऽसि देवानाम

धाम नामासि विश्वमासि विश्वायुः सर्वमासि सर्वायुरभि भूः ॐ गायत्रीमावाह्यामि

વ્યાખ્યા—ઓજોઽસિ અર્થાત્ ઓજઃ ઇન્દ્રિયોની શક્તિરૂપ સહઃ મનની શક્તિરૂપ બલમ્ દેહની શક્તિરૂપ ભ્રાજઃ સ્વપ્રકાશરૂપ દેવાનામ ધામનામાસિ દેવોને રહેવાના નિવાસરૂપ, નામરૂપ, વિશ્વં સંસારના પ્રાણિપદાર્થ જેથી ઉત્પન્ન થાય છે તે તત્વરૂપ, વિશ્વાયુઃ સંસારના પ્રાણિઓને આયુષ્ય આપનાર સર્વં સઘળી વસ્તુના સઘળા છંદોમાં મુખ્ય ચોવીશ અક્ષરના ઉત્તમ છંદરૂપ સર્વાયુઃ સઘળી વસ્તુ ઉત્તમ પ્રકારે આપનારી, અસિ છો. અભિયૂઃ અર્થાત્ મંત્રરૂપ છો. વા અનેક બ્રહ્માંડના ચૌદ ચૌદ લોક સહિત વ્યાપ્તમાન છો, વા સઘળાં પાપોના તિરસ્કાર હેતુરૂપ છો, વા ઓંકારરૂપ પ્રણુવ પ્રતિપાદ્ય પરમાત્મા સ્વરૂપ છો! ગાયત્રીમ્ તે ગાયત્રીને આવાહ્યામિ આવાહન કરૂંછું.

આઋચામાં પરમેશ્વરની અનેક પ્રકારની શક્તિનું વર્ણુન કરેલું છે. પૂર્વ ગ્રંથોમાં જણાવ્યું છે કે સૂર્યમંડળમાં રહેનારી ગાયત્રીનું આવાહન આ વેદોક્તઋચાથી યજુર્વેદી પુરૂષે ધ્યાન કરવું. પૂર્વ કલ્પમાં જે પુરૂષને દર્શનની ઇચ્છા થતી હતી તેમને ઉપરોક્ત ઋચાવડે ગાયત્રીનું દર્શન થતું હતું.

—પ્રાણાયામ—

આવાહન થઈ રહ્યા પછી પ્રાણાયામ કરવામાં આવે છે, પ્રાણાયામ કરતી વખતે પદ્માસન વાળવું. જમણો પગ ડાબી જાંગના મૂળમાં અને ડાબો પગ જમણી જાંગના મૂળમાં મૂકી પીઠ પછવાડેથી બંને હાથ કાઢી બંને પગના અંગુષ્ટ, પકડવા, અર્થાત્ પલાંઠી વાળીએ છીએ તેમ બેસી જમણો પગ ડાબી જાંગ ઉપર ચઢાવવો અને ડાબો જમણી જાંગ ઉપર મૂકવો એમ ઉપરાઉપરી એવી રીતે મૂકવા કે દરેક પગની પાની જાંગના મૂળમાં અડેલી રહે તે પછી બંને હાથ બરડા પાછળથી આગળ લાવવા અને જમણા હાથથી જમણો અને ડાબા હાથથી ડાબો પગનો અંગુઠો પકડી રાખવો. દાઢી હૃદયને લગાડી રાખવી અને નાસિકાના અગ્રભાગને જોવું. આ પ્રકારે ન બને તો પગ ઉપર પગ ચઢાવી એડીઓ જાંગના મૂળમાં અડાડી બંને હાથના સંપુટ કરી ખોળામાં આવેલી પગની એડીઓના મૂળ ઉપર મૂકી દાઢી હૃદય અને નાસિકા એક લાઇનમાં દેખી શકાય તેમ બેસવું. આ આસન સહેલથી થઇ શકે છે. તે વિઘ્ન અને

વિકારને હરે છે. આ પ્રમાણે બેઠા પછી પ્રાણાયામ એકાગ્ર અને શુદ્ધ ચિત્તથી કરવો. મનુષ્યનું ચિત્ત સ્થિર રહેતું નથી. જેમ જળબીંદુ પવનના ચલનથી ક્ષણભર પણ ટકતું નથી તેમ ચિત્ત પ્રાણના ચલનથી સ્થિર રહેતું નથી તેથી ચિત્તને સ્થિર કરવાને શ્વાસ અને પ્રશ્વાસને રોકવો. શ્વાસ પ્રશ્વાસ રોકવા માટે પ્રથમના પ્રાણાયામમાં લખ્યું છે. શ્વાસને રોકી વૃક્ષ સમાન થઇ જાય ત્યારે શ્વાસ દેહમાં બંધાઈ રહે છે અને ચિત્ત એકાગ્ર થાય છે. જ્યાં સુધી ચિત્ત સ્થિર રહે ત્યાં સુધી ભ્રકૂટિમાં દૃષ્ટિ રાખવી. આ પ્રમાણે ચિત્ત સ્થિર થતાં અને દૃષ્ટિ ભ્રકૂટિ વિશે રહે છે તેને કાળનો ભય પણ હોતો નથી. થોડી થોડી યુક્તિવડે પ્રાણાયામ સાધવો. તો યોગ સિધ્ધ થાય છે. પ્રાણાયામના મંત્ર પ્રમાણે પૂરક કરતાં લાલવર્ણ સરખા, ચાર મુખવાળા બ્રહ્માનું ધ્યાન કરવું (નાભિને વિશે) તેજ પ્રમાણે કુંભક થતાં નીલવર્ણ (શ્યામસુંદર) વિષ્ણુનું ધ્યાન કરવું (હૃદયને વિશે) અને રેચક કરતાં શ્વેતવર્ણ મહેશ્વરનું ભ્રૂમધ્યે ધ્યાન કરવું. આ એક યુક્તિ પ્રાણાયામની છે. બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વરનું ધ્યાન કરવાની રીતી ઉપરોક્ત જાણવી. આ ત્રણે ભિન્ન ભિન્ન દેવતા નથી એકજ બ્રહ્મ સર્વે લોકનું કારણ સમજી ધ્યાન કરવું. પ્રાણાયામનો મંત્ર પ્રથમના પ્રાણાયામ વિધિમાં આવી ગયો છે પણ તેના રૂષિ છંદ દેવતા અને વિનિયોગ આ સ્થલે જણાવીશું.

प्राणायामाः ॐकारस्य महामंत्रस्य पर ब्रह्मरुषिः । परमात्मा देवता । दैवी गायत्री छन्दः । सप्तानां व्याहृतिनां विश्वामित्र जमदग्नि भरद्वाज गौतमात्रि वाशिष्ट कश्यपारुषयः । आग्नि वायु सूर्य बृहस्पति वरुणेन्द्र विश्वेदेवा देवता । गायत्र्युष्णिगनुष्टुप् बृहती पंक्तित्रिष्टुब्जगत्यश्छन्दांसि । तत्सवितुरित्यस्य विश्वामित्र रुषिः । सवितादेवता । गायत्रीछन्दः । तथाच । आपोज्योतिरित्यस्य प्रजापतिर्रुषिः । ब्रह्माग्नि वायुसूर्योदेवता । यजुश्छन्दः । सर्वेषां प्राणायामे विनियोगः——

અર્થ—ઓંકારના (પ્રણવ) પર બ્રહ્મરૂષિ, પરમાત્મા દેવતાને ગાયત્રીછંદ છે. સાત વ્યાહૃતિના વિશ્વામિત્ર જમદગ્નિ ભરદ્વાજ ગૌતમ અત્રિ વશિષ્ટ અને કશ્યપ રૂષિઓ છે. ગાયત્રી ઉષ્ણિક અનુ-

ષ્ટુપ બૃહતિ પંક્તિ ત્રિષ્ટુપ્ અને જગતિ એ સાત છંદ છે. અગ્નિ વાયુ સૂર્ય બૃહસ્પતિ વરૂણ ઈન્દ્ર અને—વિશ્વદેવા એ સાત દેવતા છે. ગાયત્રી મંત્રના વિશ્વામિત્ર રૃષિ છે. ગાયત્રીછંદ છે. સૂર્ય દેવતા છે. અને ગાયત્રી શિરસના પ્રજાપતિ રૃષિ, યજુરછંદ અને બ્રહ્મા અગ્નિ વાયુ અને સૂર્ય એ ચાર દેવતા છે. એ સર્વેનો પ્રાણાયામમાં ઉપયોગ છે.

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं
ॐ तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहिधियोयोनः प्रचोदयात्
ॐ आपोज्योतिरसोमृतं ब्रह्म भूर्भुवः स्वरोम्

अथ सर्वदेवतात्मनः सर्वशक्तेः सर्वावभासकतेजोमयस्य परमात्मनः सर्वात्मकत्व प्रतिपादक गायत्री महामंत्रस्योपासन प्रकारः प्रकाश्यते ॥ तत्र गायत्रींप्रणवादिसप्तव्याहृत्युपेतांशिरः समेतां सर्ववेदसारांवदंति । एवंविधा गायत्री प्राणायामैरुपास्या । सप्रणवव्याहृतित्रयो पेता प्रणवांतागायत्री जपादिभिरुपास्या । तत्रशुद्धागायत्री प्रत्यग्ब्रह्मैक्यबोधिका । धियोयोनःप्रचोदयादिति नोऽस्माकंधियोबुद्धयःप्रचोदयात्प्रेरयेदिति । सर्वबुद्धि संज्ञांतःकरण प्रकाशकः सर्वसाक्षीप्रत्यगात्मेत्युच्यते । तस्यप्रचोदयाच्छब्द निर्दिष्टस्यात्मनः स्वरुपभूतं परंब्रह्म ॥ तत्सवितुरित्यादिपदै निर्दि-श्यते ॥ तत्र ॐ तत्सत् इतिनिर्देशोब्रह्मणास्त्रिविधः स्मृतइति ॥ तच्छब्देन प्रत्यग्भूतंस्वतः सिद्धंपरंब्रह्मोच्यते ॥ सवितुरिति ॥ सृष्टि स्थितिलयलक्षण कस्य सर्व प्रपंचस्यद्वैतविभ्रमस्याधिष्ठानं लक्ष्यते ॥ वरेण्यमिति ॥ सर्ववरणीयं निरतिशयानंदरुपं । भर्ग-इति । अविद्यादिदोष भर्जनात्मकज्ञानैकाविषयत्वं । देवस्येति । सर्वद्योतनात्मकाखंडचिदेकरसं । सवितुर्देवस्येत्यत्रषष्ठ्यर्थोराहोः शिरोवदौपचारिकःबुध्यादि सर्वदृश्य साक्षिलक्षणं । यन्मेस्वरूपं तत्सर्वाधिष्ठानभूतं परमानंदं निरस्तसमस्तानर्थरुपं स्वप्रकाश चि-दात्मकंब्रह्मेत्येवं । धीमहिध्यायेम । एवंसातिसहब्रह्मणास्त्वविवर्त

प्रपंचस्यरज्जुसर्पन्यायेनापवाद सामानाधिकरण्यरुपमेकत्वं । सोयमिति न्यायेनसर्वसाक्षि प्रत्यगात्मनो ब्रह्मणासह तादात्म्य रुपमेकत्वं भवतीति । सर्वात्मकब्रह्मबोधकोयंगायत्रीमंत्रः संपद्यते । सप्तव्याहृतीनामयमर्थः । भूरिति । नित्यत्वमुच्यते सर्व व्यापि सर्वकालिकंसर्वोत्कृष्टं नित्यमुक्तमात्मस्वरुपंसन्मात्रमुच्यते । भुवइति सर्वमावयति प्रकाशयतीति व्युत्पत्त्याचिद्रूपत्वमुच्यते ॥ स्वरितिसुष्टु सर्वैर्व्रियमाण सुस्वरूपमुच्यते ॥

महइति महीयते पूज्यतेइति व्युत्पत्त्या सर्वातिशयत्व मुच्यते। जनइति जनयतीति जनः सकल कारणत्वमुच्यते । तपइति सर्व तेजोरूपत्वं । सत्यमिति सर्व बाधा रहितं। एतदुक्तं भवति। लोकेसद्रूपंतदोंकारवाच्यं ब्रह्मैव । आत्मनोऽन्यसच्चिद्रूपस्य भावादिति । अथ भूरादयः सर्वेलोकाः ॐ कारवाच्य ब्रह्मात्मकान तद्व्यतिरिक्तं किंचिदस्तीति व्याहृतयोपि सर्वात्मकब्रह्म बोधिका । गायत्रीशीर्षोप्ययमेवार्थः । आपइत्याप्नोतीति व्यापित्वं । ज्योतिरिति प्रकाशरूपत्वं । रसइति सर्वातिशयित्वं । अमृतमिति मरणादि संसारनिर्मुक्तत्वं । सर्व व्यापि सर्व प्रकाशक सर्वोत्कृष्ट नित्ययुक्तमात्मस्वरूप सच्चिदानंदात्मकंयदोंकारवाच्यं ब्रह्मतदह मस्मीति गायत्री मंत्रस्यार्थः गुहाशय ब्रह्महुताशनेहं कर्त्रेदमंशारूयहृविर्जुहोमि सत् । विलीयतेनेदमहं भवानित्येषः प्रकारस्तुविविच्येतेत्र । यदस्ति यद्भाति तदात्मरूपं नान्यत्ततोभातिन किंचिदस्ति। स्वभावसंवित्प्रविभाति केवलाग्राह्यंग्रहीतेतिमृषैवकल्पना । इतिश्रीमच्छंकर भगवत्कृतं गायत्री भाष्यम् ॥

અર્થ:—" સર્વ દેવરૂપ સર્વ શક્તિરૂપ સર્વના પ્રકાશકને તેજોમય પરમાત્માના સર્વાત્મકપણાના દ્યોતન માટે સર્વાત્મકપણાનું પ્રતિપાદન કરનાર જે ગાયત્રી મહામંત્ર છે, તેની ઉપાસનાનો પ્રકાર પ્રકાશ કરાય છે." પ્રણુવાદિ સપ્ત વ્યાહૃતિ અને શિર સહિત ગાયત્રી પ્રાણાયામવડે ઉપાસના કરવા યોગ્ય છે, અને પ્રણુવ, ત્રણુ વ્યાહૃતિ

વાળો તથા અંતમાં પ્રણવયુક્ત એવી ગાયત્રી મંત્ર પાદિવડે ઉપાસના કરવા યોગ્ય છે. તે પવિત્ર ગાયત્રી મંત્ર પ્રત્યગાત્મા અને બ્રહ્મના એકપણાનો બોધ કરનારો છે. धियोयोनः प्रचोदयात् જે બુદ્ધિને પ્રેરે છે વા પ્રેરો એ વચનવડે બુદ્ધિ નામવાળા સર્વ અંતઃકરણના પ્રકાશક સર્વ સાક્ષી પ્રત્યગાત્મા છે, એમ દર્શાવ્યું છે, प्रचोदयात् એ શબ્દવડે કથન કરેલા આત્માનું તે સ્વરૂપભૂત પરબ્રહ્મ तत्सवितु" ઇત્યાદિ પદો વડે નિર્દેશ કરાય છે. ૐ तत् અને सेत् એમ બ્રહ્મનો નિર્દેશ ત્રણ પ્રકારનો કહ્યો છે, તે तत् શબ્દવડે પ્રત્યગરૂપ સ્વતઃ સિદ્ધ પરબ્રહ્મ કહેવાય છે. सवितुः એ શબ્દવડે ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં લક્ષણયુક્ત સર્વ પ્રપંચરૂપ સમસ્ત દ્વૈત વિભ્રમનું અધિષ્ઠાન લક્ષ્ય કરાય છે. वरेण्यम् એ શબ્દથી સર્વથી સુંદર અર્થાત્ નિરતિશયાનંદરૂપ એવો અર્થ થાય છે. भर्गः એ પદ અવિદ્યાદિ દોષના ભર્જન અર્થાત્ બાળી નાંખનાર રૂપ જ્ઞાનનુંજ સ્વરૂપ દર્શાવે છે. देवस्य એ શબ્દવડે સર્વના પ્રકાશરૂપ અખંડ ચિત્તના એક રસનો ભાવ જણાવે છે, सवितु र्देवस्य એમાં છઠ્ઠી વિભક્તિનો અર્થ રાહુનું શિર એની પેઠે ઔપચારિક છે. બુધ્યાદિ સર્વ દશ્યના સાક્ષીરૂપ લક્ષણવાળું જે મારૂં સ્વરૂપ છે, તે સર્વના અધિષ્ઠાનરૂપ—પરમાનંદરૂપ સમસ્ત અનર્થના અભાવરૂપ અને સ્વપ્રકાશ ચૈતન્યરૂપ બ્રહ્મ છે. અમે તેનું धीमहि ધ્યાન કરીએ છીએ. એ પ્રમાણે ગાયત્રી મંત્રનો અર્થ થવાથી રજ્જુ સર્પની પેઠે બ્રહ્મમાં રહેલા વિવર્ત જડ પ્રપંચનું બ્રહ્મની સાથે બાધ સામાનાધિકરણ્ય અર્થાત્ એકપણું થાય છે. જેમ सोऽयं આ તે એ વાકયની પેઠે સર્વ સાક્ષી પ્રત્યગાત્માનું બ્રહ્મની સાથે તાદાત્મ્યરૂપ એકપણું થાય છે, એવી રીતે સર્વાત્મક બ્રહ્મનો બોધ કરનાર આ ગાયત્રી મંત્ર છે. એમ સુસિદ્ધ છે. સપ્ત વ્યાહૃતિઓનો એ અર્થ છે કે—

भूः પદથી સન્માત્ર કહેવાય છે भुवः એ પદથી સર્વ भावयति प्रकाशयतीति એ વ્યુત્પત્તિવડે ચિદ્રૂપ કહેવાય છે. स्वः પદથી सुव्रियते સારી રીતે ઇચ્છાય છે, એ વ્યુત્પત્તિવડે स्वः પદથી સર્વ મનુષ્યોએ સારી રીતે ઇચ્છાતું સુખસ્વરૂપ કહેવાય છે, महः પદથી महीयते पूज्यते પૂજાય છે તે પ્રમાણે महः એ પદથી સર્વથી અતિશયપણું કહેવાય છે. जनः એ શબ્દવડે સર્વેનું કારણપણું કહેવાય છે तपः એ પદથી સર્વ તેજોમય રૂપનું ભાન કરાવે છે. सत्यं એ

પદથી સર્વ બાધથી રહિત એવું સુચન કરે છે. સચ્ચિદ્રૂપ આત્માના ભાવથી લોકમાં જે સદ્રૂપ છે તે ઓંકારવડે વાચ્ય બ્રહ્મજ છે. ભૂરાદિ સર્વ લોકો ઓંકારવડે વાચ્ય બ્રહ્મરૂપજ છે. તેનાથી ભિન્ન કોઇ પણ નથી. એવી રીતે વ્યાહૃતિઓ પણ સર્વાત્મક બ્રહ્મનો બોધ કરનારી છે. ગાયત્રીના શિરનો પણ તેજ અર્થ છે—आप्नोति વ્યાપે છે એ પદથી આપઃ શબ્દનું વ્યાપિપણું કહેવાય છે. ज्योति એ પ-દથી પ્રકાશરૂપ કહેવાય છે. रस શબ્દથી સર્વથી અતિશયપણું સૂચવે છે. अमृतं એ પદવડે મરણાદિ સંસારથી રહિતપણું જણાવે છે. અર્થાત્ સર્વ વ્યાપિ, સર્વ પ્રકાશક સર્વોત્કૃષ્ટ, નિત્ય, મુકત, આત્મરૂપ, સચ્ચિદાનંદાત્મક જે ઓંકાર વાચ્ય બ્રહ્મ છે તે હું છું એવો ગાયત્રી મંત્રના શિરનો અર્થ છે.

બુદ્ધિરૂપ ગુહામાં રહેલ, ત્રિકાળબાધ્ય બ્રહ્મ, હુતાશનરૂપ છે, અને હું કર્ત્તા છું" એ અંશરૂપ હવિષ છે, તેવી રીતેના હોમથી વિલીન થાય છે અત્રે હું, તું, આ પ્રકાર નથી ભેદ ભાવનો નિશ્ચય રીતે નાશ થઈ જાય છે. જે સત્ય છે તે જણાય છે, તે આત્મારૂપ કેવળ સંવિતરૂપે પ્રકાશે છે, ગ્રાહ્ય અને ગ્રહિતા આ કલ્પના કેવળ મિથ્યારૂપ છે, (इति प्राणायाममंत्रार्थः) પ્રાણાયામ કરી રહ્યા પછી અજ્ઞાનપણે થયેલા પાપના નિવારણ માટે આચમન કરવામાં આવે છે. ભાવાર્થ એવો છે કે ફરીથી મનવચન અને કાયાએ કરી પાપ ન થાય તેમ કાળજી રાખી વર્તિશ એવો ભાવ પ્રાર્થનામયરૂપે છે—

—अम्बुप्राशनम्—

सूर्यश्चमेत्यस्य नारायणऋषिः सूर्योदेवता । अनुष्टुप्छन्दः अम्बुप्राशने विनियोगः

सूर्यश्च મંત્રના નારાયણ રૃષિ, સૂર્ય દેવતા અને અનુષ્ટુપ છંદ છે. તેનો પાપના નાશ માટે જળ પિવામાં ઉપયોગ છે.

अम्बुप्राशनम्

ॐ सूर्यश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्योन
पापेभ्यो रक्षन्ताम्, यद्रात्र्या पापमकार्षम्
मनसावाचाहस्ताभ्याम्, पद्भ्यामुदरेणाशिश्ना
रात्रिस्तदवलुंपतु, यत्किंचदुरितंमयि
इदमहं माममृतयोनौ, सूर्यज्योतिषि जुहोमि स्वाहा

भाष्य—मा मां सूर्यश्च मन्युश्च मन्युपतयश्च रक्षन्तां मन्युर्यज्ञः मन्युपतयः यज्ञपतयः इन्द्रादयः केभ्यः रक्षन्तां मन्युकृतेभ्यः पापेभ्यः असांग यज्ञकृतेभ्य इत्यर्थः यद्वा मन्युः क्रोधः क्रोधपतयः इन्द्रियाणि क्रोधकृतेभ्यः पापेभ्योरक्षन्तां क्रोधाऽनुत्पादेन तथा च ममैतादृश क्रोधो मा भवतु येनाहमकार्यंनकरोमि इत्यर्थः किंचयत्पाप मनसा वाचाहस्ताभ्यां पद्भ्यामुदरेण शिश्नारात्र्याऽकार्षंकृतवानस्मि तत्पापं रात्रिः अवलुंपतु नाशयतु किंचयत्किंचिन्मयिमदाश्रितं अन्यदपि पापंतस्माद्रक्षतां मां किंहे आपः तदिदपापं अहंसूर्ये जुहोमि। किंभूते सूर्ये ज्योतिषि हृदयमध्यस्थित प्रकाशरूपे पुनः किंभूते अमृतयोनौ मोक्षकारणे स्वाहा सुहुतं भवतु इत्यर्थः

અર્થ—સૂર્ય, યજ્ઞ, અને ઇન્દ્રાદિ દેવો, વિધિવગરના થયેલા યજ્ઞનાપાપથી મારી રક્ષા કરો. અથવા ક્રોધ ઉત્પન્ન થવાથી થયું હોય તેનાથી રક્ષા કરો. રાત્રિએ મનથી વાણીથી હાથથી પગથી પેટથી લિંગથી જે કાંઇ પાપ કર્યું હોય તે પાપ રાત્રિના અધિષ્ટાતા દેવ, નાશ કરો, વળી મારામાં જે કાંઇ બીજું પાપ હોય તે તથા લિંગ શરીરને, મરણ રહિત જગતના કારણરૂપ સૂર્યના સ્વપ્રકાશ તેજમાં હોમું છું. તેથી પાપ ભસ્મ થઇ જાવ.

ઉપર પ્રમાણે મંત્ર બોલતાં હાથેલીમાં લીધેલા જળને પાપના નાશને માટે આચમન કરી જવું. તે પછી મંત્ર વગરનાં બે આચમન લેવાં—અને હાથ ધોવા. જ્યાં આચમન આવે તે ઠેકાણે આચમન પછી હાથ ધોવાનું સમજવું. આ મંત્ર પછી દેહને પવિત્ર કરનાર માર્જન આવે છે.

—માર્જન—

आपोहिष्ठेति तिसृणां सिन्धु द्वीपऋषिः आपो देवता। गायत्रीछन्दः मार्जने विनियोगः

આ માર્જનનો ત્વષ્ટાના પુત્ર ત્રણ માથાવાળા ત્રિશિરાઋષિએ સાક્ષાત્કાર કર્યો હતો તેના ત્રણ મસ્તકવાળા સિન્ધુદ્વીપ ઋષિ છે, જળ દેવતા છે, ગાયત્રી છંદ છે, અને માર્જનમાં તેનો ઉપયોગ છે.

આ માર્જન, બતાવેલા અંગો વિશે કરવાનું છે. તે દર્ભ વા આંગળી-વડે જળથી માર્જન કરવું—

માર્જન મંત્ર.

ૐ	आपो हिष्ठामयोभुवः	(शिरसि)
ૐ	तानऽऊर्जेदधातन	(पादयोः)
ૐ	महेरणाय चक्षसे	(हृदये)
ૐ	योवः शिवतमोरसः	(हृदये)
ૐ	तस्य भाजयतेहनः	(पादयोः)
ૐ	उशतीरिवमातरः	(मस्तके)
ૐ	तस्माऽअरङ्गमामवः	(मस्तके)
ૐ	यस्यक्षयायजिन्वथ	(हृदये)
ૐ	आपोजन यथाचनः	(पादयोः)

भाष्यः ॐ आपो हिष्ठामयो भुवस्तानऽऊर्जेदधातन महेरणायचक्षसे.

अग्रेतच्छब्दो पादानात्। यच्छब्दोऽध्याहार्यः हे आपः याः युयं मयोभुवः स्थमयइति सुखनाम सुखभावयित्र्यः भवथ सर्व प्राणिनामितिशेषः हि शब्दोऽनर्थकः ता युयं नः अस्मान् ऊर्जे अन्नाय दधातन स्थापयत यथावयं सर्वस्यान्नादेः भोजका भवेमः तथा कुरुतेत्यभिप्रायः अन्नाधीनमेव सुखमितिभावः किंचमहे महते रणाय दर्शनाय महद्दर्शनं ब्रह्मदर्शनार्थं चक्षसे व्याख्यानाय च दधातन चक्षिङ्संख्याने यद्वा महते चक्षसे दर्शनाय रणाय रमणीयाय ब्रह्मदर्शनायेत्यर्थः अथवा हि शब्दो यस्मादर्थे हे आपः यस्मान्मयोभुवः स्थ त : तस्मान्नः ऊर्जेदधातनेत्यन्वयः ताः शब्द प्रथमान्तः

અર્થ—હે જળદેવતા! અમો (સર્વ પ્રાણિઓને) સુખ આપનારા થાવ અમને અન્ન માટે સ્થાપો. અર્થાત્ અમો સઘળી જાતનાં અન્ન ખાનારા થઇએ. તેમ કરો કારણ કે અન્નને આધિન સુખ રહેલું છે. અને બ્રહ્મના દર્શનને માટે તથા વ્યાખ્યાન માટે યોગ્ય કરો.

ॐ योवः शिवतमो रसस्तस्य भाजयतेहनः
उशतीरिव मातरः

हे आपः यश्ववः । युष्माकं शिवतमः कल्याणतमोरसः नः अस्मान् तस्य भाजयत भागिनः कुरुत । उशतीरिव मातरः उशती कामयमाना मातरइव वशकान्तौ । इतिधातोः कृतसं प्रसारणस्यै तद्रूपं । तथाच यथा पुत्रस्य कल्याणं कामयमाना मातरस्तैस्तन्यादिरसैस्तं भावयेयुः एवं भाजयत इत्यर्थः

હે જળદેવતા ! જે તમારો અત્યંત કલ્યાણકારી રસ છે તે આ લોકમાં જેમ પુત્રનું ભલું ઇચ્છનારી મા પોતાના શિશુને પ્રીતિ સહિત સ્તનપાનાદિ રસથી પોષણ કરે છે તેવી રીતે અમને સઘલાને તેના ભાગીદાર કરો; તે અમને પ્રાપ્ત થાઓ.

तस्माऽअरङ्गमामवो यस्य क्षयाय जिन्वथ
आपो जन यथाचनः

हे आपः तस्यरसस्य पूर्वं कथितस्य वः युष्मत्सम्बन्धिनः अरं अलं पर्याप्तिं सदा तृप्तिंगमाम गच्छामः अलमितिरलयोरेकत्र स्मरणात् यस्य क्षयायजिन्वथ क्षयाय यस्य यस्य क्षयस्यधनस्थान स्य यस्ययस्य निवासस्यपञ्चाहुति परिणामक्रमेण ब्रह्मादिस्तम्ब पर्यन्तस्य जगतःएकदेशेन जिन्वथ तर्पयथ जिन्वतिः प्रीतिकर्म । तत्र हे आपः नः अस्मान् जनयथ भोत्क्षेपः ॥

હે જળ ? તમારા પૂર્વે કથન કરેલા જે રસના નિવાસને માટે તમો સદા બ્રહ્માદિથી તે સ્થાવર પર્યંત સરખી રીતે તૃપ્ત કરો છો તે અન્નને માટે અમો તમને સારી રીતે પામીએ. વા હૃદયમાં વસવા થકી તૃપ્ત કરો વળી હે જળ ! તમો અમારા થકી પ્રજા ઉત્પન્ન કરાવો વા અમને બ્રહ્મસુખ વા જ્ઞાન આપો.

ઉપર પ્રમાણે મંત્ર ભણતાં માર્જન કરયા પછી "અઘમર્ષણ" કરવાનું છે, અઘ એટલે પાપ અને અર્ષણ એટલે છોડાવનાર તે અઘમર્ષણ કહેવાય છે. અઘમર્ષણને વાસ્તે જમણી હથેલીમાં જળ લેઈ ડાબા હાથે નાકનું ડાબુ છિદ્ર બંધ કરી જમણી હથેલી નાકના જમણા છિદ્ર પાસે રાખી અઘમર્ષણના મંત્રો ભણવા.

अघमर्षण मंत्र.

ॐ द्रुपदादिवेत्यस्य कोकिलराजपुत्रऋषिः आपोदेवता । अनुष्टुपछंदः अघमर्षणे विनियोगः

ॐद्रुपदादिव मुमुचानाः स्विन्नःस्नातोमलादिव
पूतं पवित्रेणवाज्यमापः शुन्धन्तुमैनसः

मा मां आपः जलानि शुन्धन्तु शोधयन्तु कुतःएनसःपापात् कथमिव द्रुपदात् मुमुचानः स्विन्नइव स्विन्नः स्वेदवान आतप इत्यर्थः तथाचद्रुपदात् मुमुचानः बहिर्भवन् आतपः यथाद्रुपदं न स्पृशति तथा मां पापं न स्पृशत्वित्यर्थः स्नातोमलादिव यथा स्नातो मलात् मुक्तो भवति पवित्रेणपूतं आज्यमिव यथा आज्यं पवित्रेण पूतं भवति इत्यर्थः

અઘમર્ષણના કોકિલ રાજપુત્ર ૠષિ, જળ દેવતા અને અનુષ્ટુપ છંદ છે તેનો પાપ મોચન થવામાં ઉપયોગ છે.

હે જળદેવતા! અમને પાપથી છોડાવો, વા શુદ્ધ કરો, અર્થાત્ સારી ગતિ કરો જેમ મનુષ્ય કાષ્ટ બંધનથી છુટી સ્વતંત્ર થાય છે અને જ્યાં જવું હોય ત્યાં ગમન કરી શકે છે વળી પરસેવાથી વ્યાકુલ થયેલો સ્નાન કરવા થકી નિર્મળ થાય છે અને દર્ભવડે સ્પર્શ કરવા થકી ઘી જેમ પવિત્ર થાય છે તેમ અમને પાપોથકી તમારા સ્પર્શવડે છોડાવો.

ॐ ऋतं च सत्यं चेत्यस्याघमर्षणऋषिः भाववृत्तोदेवता अनुष्टुप छन्दः पापपुरुषनिरसने विनियोगः

ॐ ऋतं च सत्यं चाभीद्धात्त पसोध्यजायत ।
ततोरात्र्यजायत ततः समुद्रोऽअर्णवः ।
समुद्रादर्णवादधि संवत्सरोऽअजायत ।
अहोरात्राणि विदधाद्विश्वस्यामिषतोवशी ।
सूर्याचंद्रमसौधाता यथा पूर्वमकल्पयत् ।
दिवं च पृथिवीं चान्तारिक्षमथोस्व : ॥

भाष्यः ऋतं सत्य मिति च ब्र ॱणोनाम । तथाच श्रुतिश्च ।

ऋतमेकाक्षरं ब्रह्मसत्यंज्ञानमनन्तं ब्रह्मेति । स्मृतिश्च ऋतमेकाक्षरं ब्रह्मेति । तत्रातिष्ठदित्यध्याहार्यन्तेनायमर्थः ऋतं च सत्यं चा तिष्ठदितिशेषः अर्थात्सृष्टि पूर्वकाले तथाच तदानीं केवलं ब्रह्मैवासीदित्यर्थः ततस्तदनन्तरं प्रलयावस्थायामेवरात्रीः अजायत रात्रिरासीत् रात्रिशब्देनान्धकार उच्यते तथाच सकलमन्धकारमयमासीत् इत्यर्थः तेजोऽभावस्यैवान्धकारत्वात रात्रेश्चंद्राधीनत्वेन अन्हः सूर्याधीनत्वेन च तयोः तदानीमसम्भवाच्चेतिभावः तथाच स्मृतिः आसीदिदन्तमोभूतमविज्ञातमलक्षणामिति । ततस्तदनन्तरं प्रलयावसानसृष्ट्यारंभ समये तपसः अदृष्टात् समुद्रो अजायत बभूव तपसः किंभूतात् अभीद्धात् अभिसर्वतो भावेन इद्धात् दीप्तात् । सर्वतोलब्धवृत्तेरित्यर्थः समुद्रः किंभूतः अर्णवः अर्णः पानीयं तदस्यास्तीति अर्णवः पानीयमयः समुद्रः सञ्जात इत्यर्थः प्रथमतः सकलसंसारसृष्टिनिमित्तं जलराशिरुत्पन्न इत्यभिप्रायः । तथाच स्मृतिः अप एव ससर्जादौ तासु वीर्यमथादधादिति । ततस्तदनन्तरं अर्णवात्समुद्रादधि पश्चात् धाता अजायत धाता किंभूतः मिषतोऽप्रकटी भवतो विश्वस्य वशी महा प्रलये विलुप्तस्यास्य त्रिलोकस्य निर्माणे प्रभुरित्यर्थः सधाता यथा पूर्वं यथा क्रमेण सूर्याचंद्रमसौ अकल्पयत् निर्मित्तवान् किंभूतौ सूर्याचंद्रमसौ अहोरात्राणि विदधत् कुर्वाणौ सूर्यएवाहः करोति चंद्रएवरात्रिं करोति इत्यभिप्रायः ततः सूर्यचंद्रयोरुत्पत्त्यनन्तरं संवत्सरो अध्यजायत समुत्पन्नः । सूर्यचंद्रोत्पत्त्यनन्तरमेव रात्रिदिवस विभागे सति संवत्सर व्यवस्था भवति संवत्सरस्याहोरात्र घटितत्वादित्यर्थः अथानन्तरं दिवं च पृथिवींच अन्तरिक्षंच स्वश्च एतान् लोकन् सएवधाता सृष्टवान् इत्यर्थः अत्र स्वशब्देन नक्षत्र लोको परिस्थस्वर्लोक उच्यते।द्युशब्देन तदूर्ध्वस्थ महर्लोकादिलोक चतुष्टयामिति हलायुधः तदनेन मंत्रेण सृष्टि स्थिति प्रलयः प्रतिपादिता विदधादिति द्विवचने एकवचनं सुपांसुपो भवन्तीत्यादेः

अर्णवइति अर्णस् शब्दात् अर्णसो लोपश्चेतिव प्रत्ययः सकार लोपश्च इति

અર્થ:—સત્ય સંકલ્પવાળા અને અનંત જ્ઞાનવાળા અનંત સામર્થ્યવાળા ઇશ્વર સૃષ્ટિની પૂર્વ કાળમાં કેવળ બ્રહ્મરૂપેજ હતા. તે પછી પ્રલય અવસ્થાએ કરી રાત્રિ થઇ, અર્થાત્ અંધકાર મય સઘળું થઇ ગયું. તે પછી સૃષ્ટિના આરંભ સમયે સઘળી ભાવનાએ કરી દેદીપ્યમાન ઇશ્વરે સઘળુ જળમય કરી નાંખ્યું અર્થાત્ સૃષ્ટિ નિમિત્તે પ્રથમ જળ રાશિ ઉત્પન્ન કરી. સ્મૃતિ જણાવે છે કે જળને પ્રથમ ઉત્પન્ન કરીને લવણાદિ સમુદ્રો ઉત્પન્ન કર્યા તે પછી મહાપ્રલય વખતે અદૃશ્ય થયેલા ત્રણ લોકના નિર્માણને માટે વિશ્વને વશ કરનારા ચેષ્ટાએ કરી બ્રહ્મા ઉત્પન્ન થયા ને તેમને જ્ઞાન થયું. ને બ્રહ્માએ સૃષ્ટિ મુજબ સૂર્ય ચંદ્રને ઉત્પન્ન કર્યા કે જેનાથી દિવસ અને રાત્રિ થઇ. સૂર્ય ચંદ્રની ઉત્પત્તિ પછી સંવત્સર ઉત્પન્ન થયો કારણકે સૂર્ય ચંદ્રના કારણત્વે રાત્રિ દિવસથી સંવત્સરની ગણના થઇ તે પછી સ્વર્ગ, પૃથ્વી, અંતરિક્ષ અને ચરાચર સઘલા લોક બ્રહ્માએ નિર્માણ કર્યા અહીઆં સ્વઃ શબ્દવડે નક્ષત્રાદિ લોક ઉપરની જે સૃષ્ટિ તે અને દ્યુ શબ્દવડેઉર્ધ્વમાં આવેલા લોક જે ચાર લોક છે (महः जनः तपः सत्यं) તે ચાર ઉર્ધ્વ લોક ગણાય છે. આમંત્રથી સૃષ્ટિની સ્થિતિ પ્રલય વિગરે પ્રતિપાદન કરવામાં આવી છે. ભાવાર્થ એવો છે કે જે કાંઇ દૃશ્યમાન છે વા અદૃશ્ય છે તે સઘળું બ્રહ્મરૂપ છે અને તે બ્રહ્મથીજ સર્વ ઉત્પન્ન થયું છે અને લય પણ તેમાંજ થાય છે. આમંત્ર ઋગવેદનો છે. પણ સંધ્યા પ્રકરણમાં તેનો સમાવેશ થાય છે. (આ મંત્રની રૂચા ત્રણવાર હમેસાં ભણવાથી સઘલાં પાપ છુટી જાય છે મનુ ૧૧–૨૫૬)

આ મંત્રવડે હાથમાં લીધેલા જળને નાસિકા દ્વારા સુઘી ડાબી તરફ જોયા વગર નાંખી દેવું અને બે આચમન લેવાં. કેટલાક આચમન સમંત્ર લેવાનું કહે છે અને કેટલાક અમંત્ર આચમન લે છે. સમંત્ર આચમન નીચે પ્રમાણે.

ૐ अन्तश्चरसेत्यस्य नारायणऋषिः परमात्मादेवता। अनुष्टुपछन्दः आचमने विनियोगः

ૐ अन्तश्चरसि भूतेषु गुहायां विश्वतोमुखः

त्वं यज्ञस्त्वं वषट्कार आपोज्योतीरसोमृतम्

हे आपः त्वं भूतेषु अन्तश्चरसि चरथ गुहायां विश्वतोमुखः विश्वतः विश्वस्मिन मुखं संसरणं यासांताः विश्वतो मुखाइत्यर्थः त्वं यज्ञस्त्यमेव यज्ञः एवत्वं वषट्कारः त्वं आपोज्योतिरसोमृत आपःज्योतिः रसः अमृतं त्वमेवेत्यर्थः

હે જળ ! તમો સર્વ પ્રાણિ પદાર્થોના અંતઃકરણમાં વર્તમાન છો અને સંસારમાં વ્યાપ્ત છો, તમો જ યજ્ઞ રૂપ છો, યજ્ઞને પૂર્ણ કરનાર પણ તમો જ છો વળી आपः ज्योतिः रसः અને अमृतं એ પણ તમારાં જ રૂપ છે. અર્થાત્ તમો જન્મ મરણાદિ સંસારથી રહિત અતિ આનંદરૂપ પ્રકાશમાન અને સર્વ વ્યાપ્તરૂપે છો. તેથી બ્રહ્મરૂપ છો.

આ મંત્રથી આચમન લેવું અને બીજાં બે આચમન અ-મંત્ર કરવાં.

सूर्यअर्घप्रदानम्

શબ્દાર્થ—અત્યંત ભાવપૂર્વક સેવા તેનું નામ અર્ઘ્ય છે. અત્રે અર્ઘ અર્થાત્ અંજળી, અંજળીનો હેતુ એવો છે કે ઉદય અસ્ત વખતે ત્રણ કરોડ રાક્ષસો સૂર્યથી યુદ્ધ કરે છે. તે દેવ ગણરૂપિ બ્રાહ્મણોએ ગાયત્રી ભણી સૂર્યને આપેલી અંજળી વજ્ર બની રાક્ષસોને હતવીર્ય કરે છે. તેવું જાણી જે ઉપાસના કરે છે તેનું આયુષ્ય વધે છે. અને સઘલાં પાપ છૂટી જાય છે, ગૂઢાર્થ એવો જણાય છે કે જે દેવની પૂજા, ભક્તિથી કરવામાં આવતાં જે પ્રેમ પ્રકટ થાય છે તે પ્રેમનું સ્વરૂપ સ્થુળમાં આરોપણ થતાં અંજળીદ્વારા બહાર પ્રકટી નીકલે છે. અર્થાત્ અત્યંત ભાવ પ્રદર્શિત થાય છે તે અર્ઘ્ય છે. અર્ઘ્યમાં શુદ્ધ જળ, દુર્વા, તંદુલ ચંદન પુષ્પ મૂકી અંગુષ્ટ અને તર્જની છૂટાં રાખી ગાયત્રી, ત્રણ વ્યાહૃતિ અને ઓંકારપૂર્વક ઉચ્ચારી પ્રાતઃકાલે ત્રણ અર્ઘ્ય આપવા (ગાયત્રી વ્યાહૃતિ અને ઓંકારના રૂષિ છંદ અને દેવતા લખી ગયા છીએ તેથી અત્રે લખ્યા નથી)

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्यधीमहि धियोयोनः प्रचोदयात्।प्रातःकाले ब्रह्मस्वरुपिणे सूर्यनारायणनमः इदमर्ध्यंदत्तंनममेति त्रयम्

સવારમાં બ્રહ્મારૂપ સૂર્યનારાયણને નમન કરૂં છું અને આ અર્ઘ્ય આપું છું. મારે માટે નહી. તે પ્રકારે ત્રણ અંજળી આપવી

કદી વખતસર સંધ્યા ન થઇ હોય સંધ્યાનો વખત વીતી ગયો હોય તો ગાયત્રી મંત્રવડે ચોથો અર્ધ્ય આપવો. આ પ્રમાણે અર્ધ્ય અર્પણ કરયા પછી હાથમાં જળ લેઇ બેઠાં બેઠાં પોતાના આસનને પ્રદક્ષિણાની માફક હાથ ફેરવીને તે જળ છાંટવું. તે પ્રદક્ષિણાનો મંત્ર

ૐ असावादित्योब्रह्म (असौऽआदित्येवब्रह्म)

આ મંત્રથી પ્રદક્ષિણા કરી આચમન અમંત્રથી લેઇ પ્રાણાયામ કરી ઉપસ્થાન કરવું.

सूर्योपस्थानम्.

શબ્દાર્થ—સૂર્યની નજીક રહેવું. અથવા ધ્યાન–સૂર્યનું ધ્યાન આદસ્યમાન સૂર્ય બ્રહ્મરૂપ છે તેથી બંને વખતે નિરંતર ઉપસ્થાન કરનાર કલ્યાણને પામે છે.

ૐ उद्वयमुदुत्यमितिद्वयोः प्रस्कण्वरुषिः सूर्योदेवता । अनुष्टुपछन्दः सूर्योपस्थाने विनियोगः

उद्वयन् અને उदुत्यन् એ બંનેના પ્રસ્કણ્વરૂષિ સૂર્યદેવતા, અનુષ્ટુપ છંદ અને સૂર્યઉપસ્થાનમાં ઉપયોગ છે.

ૐ उद्वयन्तमसस्परिस्वः पश्यन्तऽउत्तरम्

देवन्देवत्रासूर्यमगन्मज्योतिरुत्तमम्

उत् इत्युपसर्गः अगन्म इत्यनेन क्रियापदेन संबध्यते । वयंसूर्यदेवं उदगन्म उद्गच्छामः वयं किंभूताःस्वः स्वर्लोकं परिपश्यन्तः सर्वतो भावेन पश्यन्तः स्वः किंभूतं तमसः प्रकाशभूतात् भूर्लोकात् उत्तरं ऊर्ध्वास्थितमित्यर्थः वयं किंभूताः देवत्रा देवेन सूर्येणत्राणंयेषांते, सूर्याकिंभूतं ज्योतिः स्वरूपं किंभूतं उत्तमं सर्वज्योतिषामग्न्यादिनामुत्कृष्टं अयमत्र वाक्यार्थः वयं सूर्येण रक्षिताः भूर्लोकस्योपरिस्थितं स्वर्लोकं पश्यन्तस्तमतिक्रम्य परंज्योतिःस्वरूपे सूर्येसंगताभवाम इति सूर्य प्रार्थना ॥

સૂર્યવડે રક્ષિત થયેલા અમો પૃથ્વીની ઉપર ઉર્ધ્વમાં આવેલા સ્વર્ગને સઘળી ભાવનાએ કરી જોતા એવા પરંજ્યોતિરૂપ સૂર્યદેવનું ધ્યાન કરીએ છીએ, ભાવાર્થ એવો છે કે તમસ જે અજ્ઞાન તેના ઉપર પરંજ્યોતિરૂપ જ્ઞાન જે ઉત્તમ પ્રકાશમાન છે તેનું અમને જ્ઞાન

થાય અને પાપથી છુટીએ આ ધ્યાન શાખા ચંદ્રન્યાય પ્રમાણે કરવામાં આવે છે, બ્રહ્મ સૂર્ય મંડળમાં વર્તમાન છે તે બ્રહ્મનું લક્ષ્ય સૂર્યદ્વારા થાય છે, જેમ બીજનો ચંદ્ર જોનારને ન જણાય તો પુછે છે કે ચંદ્રમા કયાં છે ? જવાબમાં બીજો માણસ જેણે બીજ ચંદ્રનાં દર્શન કર્યા છે તે કહે છે કે પેલી ઝાડની ડાળી ઉપર " આ ઇસારાથી બીજ ચંદ્ર જોવામાં આવે છે જો કે ચંદ્રમા ડાલી ઉપર તો હોયજ નહીં પરંતુ નીશાની આપવાથી જોવામાં આવે છે, તેવી રીતે શાખા ચંદ્ર ન્યાયે કરી સૂર્ય મંડળ દ્વારા પરમાત્માને જણાવે છે.

उदुत्त्यन्जातवेदसन्देवंवहन्ति केतवः

दृशे विश्वायसूर्यम्

उत् इत्युपसर्गः वहन्तीत्यचान्वेति उ शब्दःशोभार्थःत्यमिति त्यदुशब्दस्य प्रयोगः त्यं तं सूर्यदेवं केतवः रश्मयः उद्वहन्ति ऊर्ध्वंनयन्ति । सूर्यांकिं भूतं जातवेदसन् अग्नितेजोमयं यद्वा जातं वेदः कर्मफलं यस्मात्तं जात वेदसन् किमर्थमुद्वन्हान्ति विश्वस्य दृशे दर्शनाय उद्वहन्ति अयंवाक्यार्थः तेजः स्वरूपं सूर्यदेवंविश्व प्रकाशनार्थं रश्मयऊर्ध्ववहन्ति इति आदित्योत्कीर्तनं कीदृशो सौसूर्य इत्याकाङ्क्षायामाहः

સૂર્યનાં કિરણો તે અગ્નિનાં કિરણો તે અગ્નિ સ્વરૂપવાળા તેજોમય સૂર્યને આખા જગતના પ્રકાશને માટે ઉંચે લેઇ જાય છે. (આતો આદિત્યનું વર્ણન થયું પણ આ દશ્યમાન સૂર્યને માટે કેવી રીતે વર્ણન છે ?)

ॐ चित्रंदेवानामित्यस्य कुत्सांगिरसऋषिः सूर्योदेवताऽ त्रिष्टुप् छन्दः

ચિત્રમ્ મંત્રના કુત્સઋષિ છે, સૂર્ય દેવતા છે અને ત્રિષ્ટુપ છંદ છે.

चित्रन्देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेःआप्राद्यावा

पृथिवी अन्तरिक्षं सूर्यऽआत्मा जगतस्तस्थुषश्च

असौ सूर्यश्चित्रमाश्चर्यरूपं यथाएवमुदगात् उदितो बभूव किंभूतः सूर्यः मित्रस्य वरुणस्याग्नेः त्रयाणांदेवानां चक्षुःअक्षि-

भूतः पुनः किंभूतः देवानामनीकं मित्रादि व्यतिरिक्तानामन्येषा समूहः उदुत्यं च द्यावा पृथिव्यौ अन्तारिक्षं च स्वर्गमर्त्याकाशं आमाः आपूरितवान् स्वस्यरश्मि जालेनईतिशेषः पुनः किंभूतः जगतः जङ्गमस्य तस्थुषः स्थावरस्य चात्मा स्थावरजङ्गमात्मक सकळ संसारमयोऽयमेव सूर्यइत्यर्थः तच्चक्षुः किंभूतमित्याकाङ्क्षाया माह

જે દશ્યમાન સૂર્ય જ્યારે ઉદય પામે છે ત્યારે બ્રહ્માસ્વરૂપ મધ્યાન્હે રૂદ્રરૂપ અને સાયંકાલે વિષ્ણુરૂપ હોય છે આકારણથી ત્રયિ મૂર્તિ દિવાકર કહેવાય છે તે ચિત્રંનો આશય છે. તે સૂર્ય અદ્ભૂત બનાવોથી અર્થાત્ દેવો, મનુષ્યો, ને સર્વ ચરાચર જગતને પ્રકાશમાન કરી અનેક તરેહના વિભાગો પાડી ઉદય થાય છે. તે આશ્ચર્યરૂપ સૂર્ય અગ્નિ મિત્ર અને વરૂણની આંખોરૂપ છે. વળી દેવોની અંદર મુખ્ય એવા મિત્રાદિ દેવો અને બીજો તમામ દેવગણનો સમુહ નક્ષત્રાદિને પણ પ્રકાશિત કરે છે તેમ સ્વર્ગ પૃથ્વી અંતરિક્ષને પોતાના કિરણોવડે સ્વપ્રકાશ થકી ભરી મુકયાં છે અને તે સૂર્ય જંગમનો અને સ્થાવર અર્થાત્ સઘળા સંસારનો તે આત્મરૂપ છે આ મંત્રમાં દેવોની ચક્ષુરૂપ સૂર્ય કહેવામાં આવ્યો તે આકાંક્ષાયે પૂછે છે કે

तच्चाक्षुरित्यस्य दध्यङाथर्वणऋषिः सूर्योदेवता उष्णिक छन्दः

આ મંત્રના દધ્યડ્અથર્વણઋષિ સૂર્ય દેવતા અને ઉષ્ણિક છંદ છે.

तच्चक्षुर्देव हितं पुरस्ताच्छुक्रमुच्चरत्
पश्येमशरदःशतञ्जीवेमशरदःशतं श्रृणुयाम
शरदःशतंप्रब्रवामशरदः शतमदीनाः स्याम
शरदः शतं भूयश्चशरदः शतात्

तत्पूर्व चक्षुः कीदृशं देवहितंदेवानां समीहितकर्तृ पुनः किंभूतं पुरस्तात् शुक्रं निर्मलं । पुनः किं भुतं पुरस्तात् प्राच्यांदिशिउच्चरत् उद्गच्छत् उदेत तस्योपस्थानं कृत्वा शरदः वर्षस्यशतं पश्येम एवं शरदः शतं जीवेम शरदः शतं श्रृणुयाम शरदः शतं प्रब्रवाम प्रकर्षेणब्रुवाम शरदः शतं अदीना उद्भवेम किंच न कवलं शरदःशतं किंतु शरदःशतादपि भूयः आधिकं पश्येमेत्यादि सर्वत्रान्वेति

પૂર્વે કહેલી આદિત્ય રૂપ ચક્ષુ દેવોને અર્થાત્ તેને ભજનારા ભક્ત જનોને હિત કરનારી અર્થાત્ મોક્ષ સુખને આપનારી છે, તે શુદ્ધ, ઉગમણી દિશામાં ઉદય પામે છે. તેની કૃપા થકી અમો સઘલા સો વર્ષ સુધી જોઇએ, જીવીએ સાંભળીએ બોલીએ શ્રીમંત રહીએ અને તેથી પણ અધિક જોઇએ જીવીએ સાંભળીએ બોલીએ અને દીનતા વગરના થઇએ એવો અભિપ્રાય છે.

આ પ્રમાણે સૂર્યનું ઉપસ્થાન થઈ રહ્યા પછી ગાયત્રીનો જપ કરવામાં આવે છે તેનું પ્રથમ નીચેના મંત્રવડે ધ્યાન કરવું.

तेजोसिरित्यस्य परमेष्ठी प्रजापतिरुषिः आज्यं देवता जगति छन्दः गायत्र्यावाहने विनियोगः

ॐ तेजोऽसिशुक्रमस्यमृतमासिधामनामासि प्रियन्देवानामना धृष्टन्देवयजनमासि

गायत्रीं स्तौति त्वं तेजः असि शुक्रमसि अमृतमासि धाम गृहमसि नाम अभिधानमासि एतत् देवानां अनाधृष्टं उतकृष्टं प्रियं तत्त्वमेवासिदेवयजनंदेवाइज्यन्ते अनेनेतिदेवयजनं मंत्रादि तत्त्वमेऽवासि

(ગાયત્રીની સ્તુતિ છે.)

તું તેજ સ્વરૂપ છો, શુદ્ધ રૂપ છો, અમૃત રૂપછો, ધામરૂપ નામરૂપ તે તુંજ છો દેવોનું પ્રિય કરનાર તે તુંજ છો. અને દેવયજ્ઞમાં દેવ પૂજનમાં મંત્રાદિ રૂપ પણ તુંજ છો.

આવાહન કરી ગાયત્રીનું ઉપસ્થાન કરવું.

तुरीय पदस्य विमलरुषिः परमात्मादेवता गायत्री छन्दः गायत्र्युपस्थाने विनियोगः

ગાયત્રીના ચોથા પદના વિમલ રૂષિ પરમાત્મા દેવતા, ગાયત્રી છંદ તેનો ગાયત્રીના ઉપસ્થાનમાં ઉપયોગ છે.

ॐ गायत्र्यस्येक पदी द्विपदी त्रिपदी
चतुष्पद्य पदासि न हि पद्यसे नमस्ते
तुरीयाय दर्शताय पदाय परोरजसे सावदोम्

त्वं गायत्र्यासि गायन्तं त्रायत इति गायत्री एक पादि द्वि-

पदी त्रिपदी चतुष्पदीतिस्वरुपकथनं अपद्यासिनपद्यतेज्ञायते इत्यपत् एतदेवाह । नहि पद्यसे किंच ते तुरीयाय पदाय स्वरूपाय ब्रह्म विष्णु शिव भिन्नाय ब्रह्मस्वरूपायनमः अस्त्वितिशेषः यद्वा विराट् हिरण्यगर्भादि कारणोपाधि त्रयहीनाय इशपदाय यद्वा वैपरीस्वरुपायनमः अस्त्वितिशेषः पदाय किंभूताय दर्शताय दर्शनीयाय ध्यानेनेतिशेषः परोरजसे रजसः परभूताय शुद्धसत्व स्वरूपायेत्यर्थ असौ ॐ रजसे साव इत्याभ्यां ॐकारो स्वयं भवतीत्यर्थः

તું ગાયત્રી છો અર્થાત્ ભણવા થકી રક્ષણ કરનારી છો. તું એક પદી બે પદી ત્રણ પદી ચાર પદી સ્વરૂપ છો તેમ તું પદ વગરની પણ કહેવાય છે, કારણ કે જે તારૂ તુરીય પદ છે તે બ્રહ્મા વિષ્ણુ અને શિવથી ભિન્ન એવા બ્રહ્મ સ્વરૂપ છે તેને અમે નમીએ છીએ, અથવા વિરાટ સ્વરૂપના હિરણ્ય ગર્ભાદિ કારણ ઉપાધિ ત્રણને ઓલંગીને ઇશ પદ રૂપ તું છો, અથવા વૈખરી અર્થાત્ સ્થુળ રૂપાય તેને અમે નમીએ છીએ, તું સ્થુલ રૂપ પદવાળી ફકત ધ્યાન કરવાને માટેજ કહેવાય છે. પણ તું તો જે રજસથી પર શુદ્ધ સત્વ સ્વરૂપ વાળી કે જે રજસથી સ્થુળ રૂપ ઓંકારનું પ્રાગટ્ય છે તે બ્રહ્મરૂપ ઓંકાર વાળી છો.

ગાયત્રી સ્વરૂપ.

तत्सवितुरित्यस्य विश्वामित्ररुषिः सवितादेवता । गायत्री छन्दः । वायव्यं बीजं । चतुर्थशक्तिः । पञ्चविंशन्तिर्व्यञ्जनानि-कीलकम् । चतुर्थपदं । अग्निमुखम् । ब्रह्माशिरः । विष्णुर्हृदयम् । रुद्रःकवचम् परमात्मा शरीरम् । श्वेतावर्णा । सांख्यायनसगोत्रः षटस्वराः । सरस्वतिजिव्हा । पिंगाक्षी । त्रिपदा गायत्री सर्व पापक्षयार्थे जपे विनियोगः

ॐ भूर्भुवः स्वः ॐतत्सवितुर्वरेण्यंभर्गो देवस्य
धीमहि धियो यो नः प्रचोदयात् ॐ

(અર્થ પાછળ થઈ ગયો છે.)

જપ વિધિમાં પ્રથમ ઓંકાર વચમાં અને અંતે ઓંકાર રાખી ગાયત્રી જપવી. સઘળા પ્રકારના જપમાં અંગ હલાવવું નહીં. દાંત દેખાડવા નહીં. ઓઠ ફડફડાવવા નહી. પાસેનો માણસ પણ સાંભળી ન શકે તેમ ગાયત્રી જપ કરવો, જપ વખતે ઇન્દ્રિયો એકાગ્ર કરવી, ઉચ્ચાર શુદ્ધ, વર્ણ, સ્વર સાથે થવો જોઇએ, જે સંધ્યા કહેવામાં આવે છે તે ગાયત્રી જપનેજ સંધ્યા નામ આપેલું છે, સંધ્યાનો ખરો અર્થ ગાયત્રી જપ છે. તેથી અવકાશ લેઇ સંધ્યાના વખતે જેટલી બને તેટલી ગાયત્રી જપવી, ઓછામાં ઓછી દશ અને વધુનો નિયમ નથી. જેમ ગાયત્રીનો જપ વધારે તેમ અંતઃકરણ શુદ્ધિદ્વારા જ્ઞાનનો લાભ ત્વરિત થાય છે, આત્માનું કલ્યાણ આનાથીજ છે. આ જપજ સાર્થકતા કરનારૂં છે, હમેસાં જપમાં ત્રિપદા ગાયત્રી સમજવી. આ ગાયત્રીનો જપ વેદોક્ત છે, તાંત્રિક અનુસાર જણાવ્યો નથી. જેટલો પૂર્વે પ્રકાર જણાવ્યો છે તે સઘલો વૈદિક મતાનુસાર શુદ્ધ રીતીએ દર્શાવ્યો છે, અગ્નિકાર્ય, ન્યાસ પૂજનમાં ચતુષ્પદા ગાયત્રી જપવાની છે, ગાયત્રી સર્વોત્કૃષ્ટ મંત્ર છે તેનાથી મોક્ષ મલે છે, જેને દ્વિજ સંસ્કાર થયેલા છે તે ઉત્તમ વર્ણને માટે કલ્યાણ કરનારી મહા મંત્રરૂપ ગાયત્રી એકજ અવલંબન રૂપ છે, મોક્ષના અનેક સાધનોમાંનું આ ગાયત્રી રૂપ સાધન મહાન્ છે, જે મનુષ્ય બ્રાહ્મણ થઈ ગાયત્રીનો અનાદર કરી બીજી આળપંપાળમાં પડી માથાકુટ કરે છે, અને ધર્મનિષ્ટ જણાવી મહાવાક્યના વાદમાં ફાંફાં મારે છે તેનું બ્રાહ્મણપણું હીણ થતાં તેનો જન્મ વૃથા જાય છે, અને અંતે શ્વાન યોનીમાં અવતરવુ પડે છે, મહા વાકયનો વાદ કરતાં જો પોતાને તે જ્ઞાન થઇ જાય તો એ વાત રહસ્ય વાળીજ ગણાય પણ જે વાણી ફક્ત મોઢે બોલવા રૂપજ છે પણ તે અંતરમાં ધારણ કરાયેલી નથી તેનું ફળ શું મળે? અને ગાયત્રી તો સંસ્કાર વાળા મનુષ્યોને માથે ફરજ રૂપ હોવાથી મનથી કે કમનથી જપતાં પણ કલ્યાણ કરે છે, પણ જપવી જોઇએ. તે અમારો આ દેશ છે, બ્રહ્માનું પુજન વિષ્ણુનું અર્ચન શિવનું ધ્યાન ગાયત્રી થકીજ થઇ શકે છે, અને અભેદ જ્ઞાન વા બ્રહ્મરૂપ પણ ગાયત્રી થકીજ થવાય છે ત્યારે શા માટે મનુષ્ય જન્મના અલ્પ આયુષ્યમાં પરમ શ્રેયસ ન સાધવું? અને બીજા અલભ્ય એવા જ્ઞાનના વિષયમાં કાળને વ્યતિત કરવો. માટે પોતાની

અજ્ઞાને નિયમમાં લાવી ગાયત્રી મંત્રનો નિરંતર જપ કરવો ઇતિ શમ્.
જપ કરી રહ્યા પછી જપ નિવેદન નીચે પ્રમાણે કરવું.

जप निवेदम्

ॐ देवा गातु विदो गातुं वित्वा गातुमित
मनसस्पतऽइमन्देव यज्ञं स्वाहावातेधाः

हे देवाः गातु विदो यज्ञविदः गातुरिति यज्ञ नाम प्राचीनं, गातुं यज्ञं वित्वा विदित्वा गातुं अर्थात् अग्नेत्वंनः इतः आगच्छत तथाच यज्ञ परंपरासु अविच्छिन्ना मम नाभवत सुयामित्यर्थः एवं देवान् विसृज्य इदानीं चन्द्रमसमाह हे मनस्पते चन्द्रमः देवइमं यज्ञंवातेवायौ अधाः धारय वाते हि यज्ञोऽवतिष्ठते, तथाच श्रुतिः वायुरेवाग्नि स्तस्याद्य देवाध्वर्युकर्म कारोत्येऽतसेवाप्येतीति ॥

હે દેવા ! યજ્ઞને જાણુવા વાળા તમો અમારા જપયજ્ઞમાં પધાર્યા તેથી કરી આ યજ્ઞ સારી રીતે પરિપૂર્ણ થયો તે જાણીને પોતપોતાના સ્થાનકે પધારો હે અંતર્યામિ ! આ દેવયજ્ઞ સારી રીતે થયેલો હો ! અર્થાત્ આપની કૃપા થકી પૂર્ણ થાવ અને તે યજ્ઞને વાયુદેવ ધારણ કરો, યજ્ઞને વિશે જે કાંઇ સુહુત છે તે વાયુ દ્વારા ધારણ થઇ પરિપૂર્ણ થાવ એવો અભિપ્રાય છે.

अनेन यथा संख्या गायत्री जप कृत्वेन ब्रह्मरूपि सूर्यनारायण प्रीयताम् नमम

જેટલી સંખ્યા ગાયત્રી જપવામાં આવી હોય તે આંકડો ઉચ્ચારી અર્પણ કરવું.

सन्ध्याविसर्जनम्

ॐ उत्तमे शिखरे जाता भूम्यां पर्वत मूर्धनी
ब्राह्मणेभ्योऽ भ्यनुज्ञाता गच्छदेवी यथा सुखम्

સુમેરૂ પર્વત જે ભૂમિ ઉપર છે તેના ઉત્તમ શિખરની સપાટી ઉપર ગાયત્રી દેવી બિરાજમાન છે. જે બ્રાહ્મણોના નિવેદન પૂર્વક આજ્ઞાનો સ્વિકાર કરવા વાળી છે તે હે દેવી આપ સુખે કરીને પોતાના સ્થાનમાં પધારો.

ઉપરના મંત્રથી વિસર્જન કરી ગોત્રોચ્ચાર પૂર્વક ગુરૂ, દેવ, બ્રાહ્મણોને વંદન કરવું.

अमुक प्रवरान्वित अमुक गोत्रोत्पन्नोऽहं शुक्लयजुर्वेदान्तर् गतमाध्यन्दिन वाजसनेय शाखाध्यायी अमुकशर्माऽहं भो आचार्य त्वां अभिवादयामि भो वैश्वानर त्वां० भो सूर्यचंद्रमसौ युवां० भो याज्ञवल्क्य त्वां० भो ईश्वर त्वां० इत्यादि नमस्कारः

अनेन प्रातःसंध्योपासनाख्येन कर्मणा श्री भगवान् परमेश्वरः प्रीयतां नमम

इति प्रातः सन्ध्या समाप्ता.

अथ मध्यान्ह सन्ध्या प्रयोगः

પ્રાતઃ સન્ધ્યામાં કહ્યા પ્રમાણે આસનપર આવ્યા પછી ગંધ મિશ્રિત ભસ્મનું લેપન કરવું, અને બીજી વિધિ પ્રાતઃ સંધ્યા પ્રમાણે કરતાં સંકલ્પ, નીચ્વે પ્રમાણે બોલવો.

मध्यान्ह संध्यो पासनमहं करिष्ये.

મધ્યાન્હ સધ્યામાં પ્રાતઃકાળથી જેટલો ફેર છે તેટલોજ ભાગ અત્રે નિર્દિષ્ટ કર્યો છે.

आवाहनम्

सावित्रीं युवतीं शुक्लां शुक्लवस्त्रां त्रिलोचनाम्
त्रिशूलिनीं वृषारूढां यजुर्वेदेन संस्थिताम् १
रुद्राणीं रुद्र दैवत्यां रुद्रलोकनिवासिनीम्
सावित्री छन्दसांमाता रुद्रयोनिऽनमोऽस्तुते २

સાવિત્રી જે યુવાવસ્થા વાળી શુદ્ધ વસ્ત્ર ધારણ કરનારી, ત્રણ નેત્રવાળી ત્રિશુળને ધારણ કરનારી વૃષભ ઉપર બેઠેલી, યજુર વેદવડે સ્થિતિ પામેલી રૂદ્રાણી રૂદ્રની શક્તિ અને રૂદ્ર લોકમાં વસનારી હે સાવિત્રી હે વેદની માતા હે રૂદ્રયોની તમને નમસ્કાર છે, (પ્રાતઃ કાળ પ્રમાણે આવાહન કરવું)

अंबुप्राशनमंत्रः

"आपः पुनन्त्विपति मंत्रस्य नारायणऋषिः आपो देवता

गायत्री छन्दः अम्बुप्राशने विनियोगः

ॐ आपः पुनन्तु पृथिवीं, पृथिवीपूता पुनातुमाम्
पुनन्तु ब्रह्मणस्पति ब्रह्मपूता पुनातुमाम्
यदुच्छिष्टमभोज्यंच, यद्वादुश्चरितं मम

सर्वं पुनन्तु मामापोऽसतांच प्रतिग्रहं स्वाहा

आपः पृथिवीं पुनन्तु पवित्री कुर्वन्तु पृथ्वी अद्भिः पूता सतीमां क्षेत्रज्ञं पुनातु न केवलमापः पृथिवीं पुनन्तु किंतु ब्रह्मस्पतिं ज्ञानस्यपतिं पुनन्तु यद्वा वेदाश्रयं परमात्मानमपि पुनन्तु ब्रह्मपूतापूतं सन्मां पुनातु । अत्र च पृथिवी शब्देन पार्थिवोदेहो विवक्षितः ततश्च आपः पृथ्वीं पुनन्तु पृथिवीमयंमदीयं पार्थिवं देहं पुनातु इत्यर्थः तथाच देहपापबलत्वद्वारा मामां आपः पुनन्तु इति फलितार्थः । कुत्रमम यदुच्छिष्टमपावनं अभ्योज्यं निन्दित भोज्यं । यद्वा दुश्चरितं असदाचरणं असताम् प्रतिग्रह्यानां प्रतिग्रहंच तत्सर्वं तत्र सर्वत्रमां आपः पुनन्त्वित्यर्थः

इत्थमाशास्य आपः आचम्यन्ते ताःस्वाहा सुहुता भवन्तु तथाच आपः आचमनेन मदीय देह पावन पूर्वकमुच्छिष्टत्वादिरूपे मां पावयन्तु इत्याशंसा वाक्यार्थः

જળ મારા સ્થુળ શરીરને પવિત્ર કરે પવિત્ર થયેલું શરીર મને પવિત્ર કરે (લિંગ શરીરને) વળી તે જળ જ્ઞાનના પતિ એવા આત્માને પવિત્ર કરે, અને પવિત્ર થયેલો આત્મા મને પવિત્ર કરે, જે એઠું અને નિંદિત ભોજન તથા દુષ્ટાચરણ અને નહીં લેવા લાયક અસત્ પુરૂષોથી દાન લીધું હોય તે સર્વ પાપોથી મને પવિત્ર કરે, આ આચમન વડે સર્વ પાપો બળીને ભસ્મ થાવ. (आपः શબ્દાર્થ સર્વ વ્યાપક પણાનો નિર્દેશ કરે છે, આપ શબ્દ નારાયણનું નામ છે. તે શુદ્ધ કરે છે, આ મંત્રમાં ब्राह्मणस्पतिના બે અર્થ છે, વેદના આશ્રય રૂપ આત્માને અથવા જ્ઞાનના પતિ આચાર્યને । અત્રે પરમાત્મા અંશ જીવ કહ્યો છે, તે અજ્ઞાન દશામાં હોવાથી જીવ કહેવાય છે તેને પવિત્ર કરે એવો અભિપ્રાય છે)

આ આચમન પ્રાશન કર્યા પછી માર્જન, અઘમર્ષણ, આચમન, અર્ઘ્ય, ઉપસ્થાન, ગાયત્રી જપ વિધિ, વિસર્જન પ્રાતઃકાળ પ્રમાણે તેના તેજ મંત્રોથી કરવું, અર્ઘ્ય મધ્યાન્હ વખતે એક જ આપવો.

रुद्रस्वरूपि सूर्यनारायणायनमः इदमर्घ्यंदत्तं नमम

ઉપર પ્રમાણે અર્ઘ્ય આપી બીજી વિધિ પ્રાતઃ મુજબ કરી વિસર્જન અર્પણ કરવું પ્રાતઃ કાળમાં જે " બ્રહ્મયોનિ " શબ્દ આવે છે ત્યાં રૂદ્રયોનિ " ઉચ્ચારવું પ્રાતઃ સંધ્યા ત્યાં મધ્યાન્હ સંધ્યા બોલવું, ઉપર પ્રમાણે મધ્યાન્હ સંધ્યાનો પ્રયોગ સમજી લેવો.

इति मध्यान्ह सन्ध्या समाप्त ।

सायान्सन्ध्या प्रयोगः

પ્રાતઃ સંધ્યા મુજબ આસનપર આવ્યા પછી જળ અને ગંધ વગરની એકલી ભસ્મ મંત્રોદ્વારા લેપન કરવી सायन्सन्ध्योपासन महंकारिष्ये એવો ઉચ્ચાર કરી સંકલ્પ કરવો, અને નીચે પ્રમાણે આવાહન કરવું.

आवाहनम्

वृद्धां सरस्वति कृष्णां पीतवस्त्रां चतुर्भुजाम्
शंखचक्रगदापद्म हस्तां गरुडवाहिनीम्
बदर्याश्रम मावासा मायान्ति सूर्यमंडलात्
आगच्छ वरदे देवि त्र्यक्षरे विष्णु वादिनी
भारति छन्दसां मातर विष्णुयोनि नमोऽस्तुते

વૃદ્ધા, સરસ્વતિ, કૃષ્ણા, પીળાં વસ્ત્ર ધારણ કરનારી, ચાર ભુજો વાળી, શંખ ચક્ર ગદા અને પદમને હાથમાં ધારણ કરનારી ગરૂડ ઉપર આરૂઢ થયેલી બદરિકા શ્રમમાં રહેનારી અને સૂર્ય મંડળમાંથી આવનારી અને વરદાન આપનારી હે દેવિ ! ત્રણ અક્ષર વાળી ! હે વિષ્ણુ વાદિની ? હે વેદની માતા ? હે ભારતિ ? હે વિષ્ણુ યોની ? તમને નમસ્કાર હો.

આવાહન પછી અમ્બુ પ્રાશન કરવામાં આવે છે.

सूर्यश्च ને બદલે अग्निश्च रात्र्या બદલે अहना सूर्य ને બદલે सत्ये આ શબ્દનો પ્રાતઃ સંધ્યાથી ફેર આવે છે. બાકી તેનો તેજ મંત્ર છે.

अग्निश्चमेति नारायणऋषिः अग्निर्देवता अनुष्टुप् छन्दः [illegible]माशने विनियोगः

ॐ अग्निश्च मामन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः

पापेभ्योरक्षन्ताम्, (यदह्ना) पापमकार्षम्, मनसावाचा हस्ताभ्यामुपद्भ्या मुदरेण शिश्ना, अहस्तदवलुंपतु; यत्किंचदुरितंमयि, इदमहं अमृतयोनौ, सत्ये ज्योतिषि जुहोमिस्वाहा.

આ મંત્રનું ભાષ્ય અને ગુજરાતી અર્થ પ્રાતઃકાળના અમ્બુ પ્રાશનના મંત્રમાં આપેલું છે તેનું તેજ ભાષ્ય અને અર્થ છે.

ફરક માત્ર—

अग्नि અર્થાત્ अग्नि દેવ अह्ना અર્થાત્ દિવસ अहः દિવસના અધિષ્ટાતા દેવ सत्ये સત્યરૂપમાં બાકી અર્થ પ્રથમ થઇ ગયો છે.

બાકીની વિધિ અર્થાત્ માર્જન, અઘમર્ષણ આચમન અર્ઘ્ય ઉપસ્થાન, જપ, વિસર્જન તમામ વિધિ તેના તેજ મંત્રોદ્વારા કરવું. આ સંધ્યામાં विष्णुयोनि અને અર્ઘ્યમાં विष्णु स्वरूपिणे सूर्य नारायणाय नमः इदमर्घ्यं दत्तं नमम આ પ્રકારે ત્રણ અર્ઘ્ય આપવા. બાકીનું પ્રાતઃ પ્રમાણે કરી अनेन सायन्सन्ध्याख्येन कर्मणा श्री भगवान् परमेश्वरः प्रीयतां नमम એમ બોલી અર્પણ કરવું. इति शिवम्

इति सन्ध्या प्रयोग.

ग्रन्थार्पणम्

नाहं वैदिकमार्गज्ञो न शास्त्रज्ञो न कर्मठः
तथापि स्वीयशाखायाः कर्मज्ञाने समुत्सुकः
संगृहीतो मयाचारः शुद्धो वाजसनेयिनाम्
अस्मिन्प्रोक्तानि कर्माणि भक्तियुक्तः समाचरन्
पुमाँल्लब्ध्वेह धर्मार्थ, कामाख्यं तत्फलं महत्
चित्तशुद्धास्ततोज्ञानं मोक्षंचैवाधिगच्छतु
यन्न्यूनमधिकंचात्र संगृहीतं प्रमादतः
तत्समीत्कृत्य विद्वाद्भि र्ग्राह्यं तत्त्व विवेचकैः

ॐतत्स ब्रह्मार्पणमस्तु । शिवम् ।

इतिश्री द्विवेदयुपाह्व खडायता विप्रवर्य हरगोविन्दात्मज सोमनाथ शर्मणा अनेक ग्रन्थेभ्यः संगृहीतं वाजसनेयि सन्ध्या भाष्य शिष्टसूत्रं समाप्ति मगमत्

अतः परंस्व स्त्यय नपन्त्राः

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वातिनः पुषा विश्वेवेदाः
स्वातिन स्ताक्ष्योऽअरिष्टनेमिः स्वातिनो बृहस्पातिर्दधातु

इन्द्रः नः स्वस्ति कल्याणं दधातु पुषा सूर्यः नः स्वास्ति दधातु इन्द्रः किंभूतः वृद्धश्रवाः बहुधनः श्रवः शब्दो धनवाचकः महाशब्दो वा वृद्धश्रवाः पुषाः किंभूतः विश्ववेदाः सर्वधनः स्वस्तिदधातु तार्क्ष्यः किंभूतः अरिष्टनेमिः अनुपहतास्त्रः अहतवक्रधारः बृहस्पतिश्चनः स्वस्ति दधातु इत्यर्थः

પુષ્કળ હવિરૂપી ધનવાળા ઇન્દ્ર અમારૂં કલ્યાણ કરો. વિશ્વના જ્ઞાનવાળા પુષા (સૂર્ય) અમારૂં કલ્યાણ કરો, અહિંસિત રથ ચક્રવાળા અમારૂં રક્ષણ કરો. બૃહસ્પતિ દેવ અમારૂં કલ્યાણ કરો.

द्यौः शान्तिरन्त रिक्षर्ठं० शान्तिः पृथिवी
शान्तिरापः शान्तिरोषधयः शान्तिः ॥
वनस्पतयः शान्ति र्विश्वेदेवाः शान्ति र्ब्रह्म
शान्तिः सर्वर्ठं० शान्ति शान्तिरेव शान्तिः
साम शान्तिरेधि ॥

सर्वारिष्टोपशमः अस्माकमस्त्तिध्याहार्यः तथा अन्तरिक्षं शान्तिरस्तु ब्रह्मादयः शान्तिः शान्तयः सन्तु अत्र सर्वत्रच द्यौः प्रभृतिभिः शान्तिरित्यनौः पदैः तत्र स्वर्गाधिष्टात्रयो देवता अस्माकमरिष्टोपशमन पूर्वकमभीष्ट सम्प्रदानाय भवत्वित्याशंसा वाक्यार्थः आपः शान्तिरित्यादिषु सुपांसुपो भवन्तीति बहुवचनम्

દ્યૌલોક અંતરિક્ષલોક પૃથ્વી જળ ઔષધ, વનસ્પતિ, સર્વ દેવો વેદમય સર્વ જગત્ અને શાન્તિ—આ સર્વરૂપ જે શાંતિ અથવા જે સ્વરૂપથી જ શાન્તિ પરમેશ્વરની પ્રસન્નતાથી મને પ્રાપ્ત થાઓ.

ॐ विश्वानिदेव सवितर्दुरितानि परासुव
यद्भद्रन्तन्नऽआसुव ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः